તા.૧૫/૦૨/૨૦૨૦

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન – આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ માસમાં છેલ્લા ૬ દિવસમાં મિલ્કત વેરા વસુલાતની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરતા કુલ ૪૨૮ મિલ્કતદાર ધ્વારા સ્થળ પર જ રૂા.૬૨,૭૯,૦૦૦/– વસુલાત થયેલ છે જયારે ૮૫ મિલ્કતનાં માલિકો ધ્વારા રૂા.૬,૫૬,૦૦૦/–નાં એડવાન્સ ચેક વસુલ લેવામાં આવેલ છે. ઉપરાંત ૧૪૩ જેટલી મિલ્કતોનો વેરો ભરપાઈ ન કરતાં મિલ્કતોને સીલ કરવામાં આવેલ છે

સદર ઝૂંબેશ દરમ્યાન રાંદેર ઝોન ખાતે છેલ્લાં ૬ દિવસમાં અંદાજીત રૂા.૧.૧૪ કરોડ જેટલી મિલ્કત વેરા ભરપાઈ થયેલ છે, ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન તા.૧૫/૦૨/૨૦૨૦ સુધીમાં રૂપિયા કુલ ૯૨.૭૪ કરોડ જેટલી વસુલાત થયેલ છે. હજુ પણ મિલ્કત વેરો / વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલ્કતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી બાકી દારોએ તેઓના બાકી મિલ્કત વેરા તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા

સમાચાર યાદી નં.૭૨૯

તા.૧૫/૦૨/૨૦૨૦

# <u>પ્રેસ નોટ</u>

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ  વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત આજ રોજ **તા.૧૫/૦૨/૨૦૨૦**ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારી,  વિગેરે  જુદા જુદા વિસ્તારોમા ંકુલ્લે **૧૬૦** મિલકતોને સીલ કરવાની તથા પાંડેસરા– ગણપત નગર, ક્ષેત્રપાલ નગર, ખટોદરા– રણવીર ડાઈંગની સામે **૨૦** મિલકતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ તેમજ પાંડેસરા–સીતા નગર–૧, શિવમ નગર, જયવીર ઈન્ડ. વિગેરેમાં **૧૩** ખુલ્લા પ્લોટો ઉપર ટાંચમાં લેવા અંગેના નોટીસ  બોર્ડ પ્રદર્શિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે કાર્યવાહી દરમ્યાન **૪૯** જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા **૦૮.૭૯** લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે.  અને આજ રોજ રૂપિયા **૪૨.૦૭** લાખ જેટલી વસુલાત થયેલ છે.

વધુમાં, જમીન મિલકત વિભાગ ધ્વારા **૭૦** જેટલા  આવાસ સીલ કરવાની કાર્યવાહી દરમ્યાન  **૬૦** જેટલા મિલ્કતદારોએ સ્થળ પર રૂપિયા ૩**.૧૧** લાખ તથા  એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા **૫.૫૫** લાખ જેટલી વસુલાત થયેલ છે.

સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં આજ દિન સુધી રૂપિયા **૧૯૧.૫૩** કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં.૭૩૦
તા.૧૫/૦૨/૨૦૨૦

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાય સેવા ઉજવણી અંતર્ગત વિવિધ ઝોન વિસ્તારમાં રૂા.૩૨૮.૫૧ કરોડના ખર્ચ પૈકી પશ્ચિમ (રાંદેર) ઝોન ખાતે નવનિર્મિત તથા નિર્મિત થનાર વિવિધ પ્રકલ્પોના લોકાર્પણવિધિ/ખાતમુહૂર્તવિધિ આજે **તા.૧૫/૦૨/૨૦૨૦** ના રોજ માન.મેયર ર્ડા.જગદીશ પટેલના પ્રમુખ પદે તથા સંબધિત સમિતિના અધ્યક્ષશ્રીના વરદહસ્તે કરવામાં આવેલ છે.

પશ્ચિમ (રાંદેર) ઝોનમાં વરિયાવના કંટારા ફળિયા ખાતેઆ વિસ્તારના બાળકોને પ્રાથમિક શિક્ષણની સુવિધા પૂરી પાડવા માટે ૨૨૨.૦૮ ચો.મી.માં રૂા. ૦.૨૫ કરોડના ખર્ચે બનેલ પ્રાથમિક શાળા ક્રમાંક–૩૧૭નું લોકાર્પણ શ્રી સોમનાથભાઈ મરાઠે માન. અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિના વરદહસ્તે કરવામાં આવ્યુ હતું.

સુરત શહેરનાં ૧૫ વર્ષ દરમ્યાન ભવિષ્યના વસ્તી વધારના અનુરૂપ ૩૭.૫૭ એમ.એલ.ડી. સુએઝના જથ્થાને ધ્યાનમાં લેતા અમૃત મિશન યોજના અંતર્ગત ડીઝાઈન, કન્સ્ટ્રકશન, ઈરેકશન, ટેસ્ટીંગ અને મેઈન્ટેનન્સ સહિત અસારમાં (પાલ–પાલનપોર) ખાતેના રૂા.૫૨.૩૫ કરોડના ખર્ચે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ૩૭.૫૦ એમ.એલ.ડી. ક્ષમતા સુધી વિસ્તૃતિકરણ તેમજ હયાત ૧૫ એમ.એલ.ડી. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના અપગ્રેડેશનની ખાતમુહૂર્તવિધિ શ્રી અમિતસિંગ રાજપૂત માન. અધ્યક્ષ ગટર સમિતિના વરદહસ્તે કરવામાં આવી હતી. જેનો લાભ અંદાજીત ૨ લાખની વસ્તીને મળશે. આ યોજના હેઠળ ટી.પી.સ્કીમ.૧૦, ૧૪, ૧૫, ૧૬, ૭૪(પાલ) અને પાલ ગામતળના વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.

પશ્ચિમ (રાંદેર) ઝોનમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૦, ફા.પ્લોટ નં.૧૯૪, સોમેશ્વર ગાર્ડનની સામે, પુષ્પવાટીકા સોસાયટીની બાજુમાં, પાલ ખાતે રૂા. ૦.૦૭ કરોડના ખર્ચે બનેલ આંગણવાડીનું લોકાર્પણ શ્રી સોમનાથભાઈ મરાઠે માન. અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિના વરદહસ્તે કરવામાં આવ્યુ હતું.

પશ્ચિમ (રાંદેર) ઝોન વિસ્તારમાં પાલ ગામતળ ડેવલપ કરવાની કામગીરી હેઠળ ૧૫૦૦.૦૦ ચો.મી.માં રૂા. ૦.૭૦ કરોડના ખર્ચે બનેલ શાંતિકુંજ, ટોઈલેટ બ્લોક, કમ્પાઉન્ડ વોલ, ગઝેબો, ચબુતરો વગેરેનું લોકાર્પણ શ્રી સોમનાથભાઈ મરાઠે માન. અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિના વરદહસ્તે કરવામાં આવ્યુ હતું.

સુરત શહેર વિસ્તારમાં અડાજણ ખાતે રૂા. ૩.૦૦ કરોડના ખર્ચે Develop Build Operate & Transfer (D.B.O.T.) ધોરણે ૪૪.૦૭ મીટર લંબાઈ અને ૧૭.૨૦ પહોળાઈ વાળો આકર્ષક એલીવેશન સાથેનો ફુટ ઓવર બ્રિજ બનાવી તેના પર જાહેરાત પ્રદર્શિત કરવા અર્થેના પ્રકલ્પનું લોકાર્પણ શ્રી સોમનાથભાઈ મરાઠે માન. અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિના વરદહસ્તે કરવામાં આવ્યુ હતું. નિર્દિષ્ટ લોકેશન પાસે GSRTC નું અડાજણ બસ પોંટ આવેલ છે. જેના લીધે બસના મુસાફરો ફુટ ઓવર બ્રિજનો મહત્તમ લાભ લઈ શકશે. અડાજણ બસ પોંટની સાથે ડેવલપ કરવામાં આવી રહેલ કોમર્શીયલ કોમ્પલેક્ષમાં આવનાર લોકો તથા રાહદારીઓ પણ આ ફુટ ઓવર બ્રિજનો મહત્તમ લાભ લઈ સલામત રીતે રસ્તો ઓળંગી શકશે.

પશ્ચિમ (રાંદેર) ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહૂર્ત કાર્યક્રમમાં માન. મેયર ર્ડા. જગદીશ પટેલ, માન.ડે.મેયર શ્રી નિરવ શાહ, માન. દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાલા, માન.વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, માન.મ્યુ.સદસ્યશ્રીઓ, માન.મ્યુ.અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ, પ્રેસ– મીડીયાના કર્મચારીઓ તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


પાલિકા






SURAT



# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાય સેવા ઉજવણી અંતર્ગત વિવિધ ઝોન વિસ્તારમાં રૂા.૩૨૮.૫૧ કરોડના ખર્ચ પૈકી નોર્થ (કતારગામ) ઝોન ખાતે નવનિર્મિત તથા નિર્મિત થનાર વિવિધ પ્રકલ્પોના લોકાર્પણવિધિ/ખાતમુહૂર્તવિધિ આજે **તા.૧૬/૦૨/૨૦૨૦** ના રોજ માન.મેયર ડાૅ.જગદીશ પટેલના પ્રમુખ પદે તથા સંબધિત સમિતિના અધ્યક્ષશ્રીના વરદહસ્તે કરવામાં આવેલ છે.

નોર્થ (કતારગામ) ઝોનમાં વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૬૬ (કોસાડ–વરીયાવ), ફા.પ્લોટ નં.૧૦૪/એ લીમડી ફળીયું, આશાપુરી માતાના મંદિરની આગળ, કોસાડ ખાતે આવેલ ખુલ્લા પ્લોટમાં વિસ્તારના બાળકોને પ્રાથમિક શિક્ષણની સુવિધા પૂરી પાડવા રૂા.૩.૫૮ કરોડના ખર્ચે બનેલ પ્રાથમિક શાળાનું લોકાર્પણ શ્રી સોમનાથભાઈ મરાઠે માન. અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિના વરદહસ્તે કરવામાં આવ્યુ હતું.

નોર્થ (કતારગામ) ઝોનમાં વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૨૪ (ટૂંકી), ફા.પ્લોટ નં.૨૮ (હરીઓમ મીલ પાસે), વેડરોડ ખાતે રૂા.૦.૮૮ કરોડના ખર્ચે બનેલ વોર્ડ ઓફિસનું લોકાર્પણ શ્રી દિગ્વિજયસિંહ બારડ માન. અધ્યક્ષ આરોગ્ય સમિતિના વરદહસ્તે કરવામાં આવ્યુ હતું.

નોર્થ (કતારગામ) ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ કાર્યક્રમમાં માન. મેયર ડાૅ. જગદીશ પટેલ, માન.શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, માન.મ્યુ.સદસ્યશ્રીઓ, માન.મ્યુ.અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ, પ્રેસ– મીડીયાના કર્મચારીઓ તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા, સમાચાર યાદી નં. ૭૩૨ તા.૧૬/૦૨/૨૦૨૦










# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાય સેવા ઉજવણી અંતર્ગત વિવિધ ઝોન વિસ્તારમાં રૂા.૩૨૮.૫૧ કરોડના ખર્ચ પૈકી સેન્ટ્રલ ઝોન ખાતે નવનિર્મિત તથા નિર્મિત થનાર વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ આજે **તા.૧૭/૦૨/૨૦૨૦** ના રોજ માન.મેયર ર્ડા.જગદીશ પટેલના પ્રમુખ પદે તથા સંબધિત સમિતિના અધ્યક્ષશ્રીના વરદહસ્તે કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગોપીતળાવના એન્ટ્રી ગેટ (નવસારી બજાર મેઈન રોડ) પાસે રૂા.૪.૪૦ કરોડના ખર્ચે બનેલ મલ્ટીલેવલ પાર્કિંગનું લોકાર્પણ શ્રી સોમનાથભાઈ મરાઠે માન. અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિના વરદહસ્તે કરવામાં આવ્યુ હતું. જેમાં (૧) બેઝમેન્ટમાં ૩૫ નંગ ટુ વ્હીલર અને ૧૪ નંગ કાર (૨) ગ્રાઉન્ડ ફલોર ઉપર ૨૬ ટુ વ્હીલર અને ૧૪ નંગ કાર (૩) ફર્સ્ટ/સેકન્ડ ફલોર ઉપર ૨૬ નંગ ટુ વ્હીલર અને ૧૪ નંગ કાર (૪) ટેરેસ ઉપર ૨૪ ટુ વ્હીલર અને ૧૫ નંગ કારનું પાર્કિંગ થઈ શકશે. આ લોકાર્પણ થવાથી ગોપીતળાવની મુલાકાતે આવનાર મુલાકાતી અને શહેરીજનોને તેમના વિવિધ પ્રકારના વાહનો પાર્ક કરવાનો લાભ મળશે.

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ માટે રૂા.. ૪.૬૪ કરોડના ખર્ચે ખરીદેલ ૭ નંગ "વોટર કમ ફોમ ફાયર ટેન્ડર" નું લોકાર્પણ શ્રી ભવાનભાઈ સીસારા માન. અધ્યક્ષ લાઈટ એન્ડ ફાયર (એક્ષ્ટીં.) સમિતિના વરદહસ્તે કરવામાં આવ્યુ હતું. શહેરમાં વિવિધ હાઈરાઈઝડ બિલ્ડીંગો, ટેક્ષટાઈલ માર્કેટો, ઔદ્યોગિક સંકુલો, પેટ્રોલપંપો, જરીના કારખાના, ટેક્ષટાઈલ પ્રોસેસ યુનિટો વિગેરેમાં લાગતી આગને તાકીદે કાબુમાં લેવાની હોય છે. આ આગોમાં એકસરખું પાણી તેમજ ફોમનો ઉપયોગ કરી આગને નિયંત્રણ કરવા માટે ઉપયોગી બનશે. આ "વોટર કમ ફોમ ફાયર ટેન્ડર" ની બનાવટ TATA 16TON-LPT-1 ચેસીસ પર કરવામાં આવેલ છે. આ વાહનની પાણીની ક્ષમતા (WATER TANK) ૫૦૦૦ લીટર છે. અને ફોમ ટેન્કની ક્ષમતા ૫૦૦ લીટર છે. આ વાહનના પંપની કેપેસીટી ૪૦૦૦ LPM@ 10KG/CM$^2$ જેટલી છે. આ વાહનમાં લાગેલ મોનીટર રીમોટ કંટ્રોલ ધ્વારા સંચાલિત છે. આ "વોટર કમ ફોમ ફાયર ટેન્ડર"ની ચેસીસની કિંમત–૧૬,૫૨,૦૦૦/– અને ફેબ્રિકેશન કિંમત ૪૯,૯૧,૪૦૦/– આમ કુલ મળી એક વાહનની કિંમત ૬૬,૪૩,૪૦૦/– જેટલી છે.

સેન્ટ્રલ ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ કાર્યક્રમમાં માન.ડે.મેયર શ્રી નિરવ શાહ, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી અનિલભાઈ ગોપલાણી, માન.શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, માન. દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાલા, માન.વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, માન.મ્યુ.સદસ્યશ્રીઓ, માન.મ્યુ.અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ, પ્રેસ– મીડીયાના કર્મચારીઓ તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા, સમાચાર યાદી નં. ૭૩૩ તા.૧૭/૦૨/૨૦૨૦














# પ્રેસનોટ
# નોર્થઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

સુરત શહેરની ફરતે હાલમાં આકાર લઈ રહેલ પ્રથમ તબકકાનાં ૧૭.૧૨ કિ.મી. લાંબા તેમજ ૯૦.૦૦ મી. પહોળા સુરત મહાનગરપાલિકાનાં જુદાં–જુદાં ઝોન તેમજ સુડા વિસ્તારમાંથી પસાર થતો આઉટર રીંગરોડ નાં પ્રત્યક્ષ કબ્જા લઈ ખુલ્લો કરવાની ઝુંબેશ પ્રગતિમાં છે. સદર ઝુંબેશનાં ભાગરૂપ નોર્થઝોન(કતારગામ) વિસ્તારની કુલ–૩ ટી.પી.સ્કીમો એટલે કે ટી.પી.સ્કીમ નં. ૮૪(કોસાડ–ભરથાણા કોસાડ–મોટાવરાછા–અબ્રામા), ૪૬ (ગોથાણ–ભરથાણા કોસાડ–કોસાડ –વરીયાવ), ૮૩(વરીયાવ–કોસાડ) પૈકીનાં વિસ્તારનાં મોટા વરાછા થી વરીયાવ સુધીનો આઉટર રીંગરોડ નો પ્રત્યક્ષ કબ્જો લઈ ખુલ્લો કરવાની કામગીરી નોર્થઝોન(કતારગામ) ધ્વારા જુદાં– જુદાં ૩(ત્રણ) તબકકામાં કરવામાં આવેલ છે.

(૧) સૌપ્રથમ તા.૦૪/૦૫/૨૦૧૯ નાં રોજ ટી.પી.સ્કીમ નં. ૪૬(ગોથાણ–ભરથાણા કોસાડ–કોસાડ–વરીયાવ) નાં ૧૨૯૪ મીટર (૧.૨૯ કિ.મી.) લંબાઈનો તથા ૯૦.૦૦ મી. પહોળાઈ નો ૧,૧૫,૯૫૭ ચો.મી. ૧૨,૪૭,૬૯૭ ચો.ફુટ ક્ષેત્રફળ નો પ્રત્યક્ષ કબ્જો લઈ રસ્તો ખુલ્લો કરવામાં આવેલ .

(૨) ત્યારબાદ તા.૦૯/૦૧/૨૦૨૦ નાં રોજ ટી.પી.સ્કીમ નં. ૮૪(કોસાડ–ભરથાણા કોસાડ–મોટાવરાછા–અબ્રામા) નો ૫૨૪ મીટર (૦.૫૨કિ.મી.) લંબાઈ નો ૯૦.૦૦ મી. પહોળાઈ નો ૪૭,૦૪૧ ચો.મી., ૫,૦૬,૧૬૧ ચો.ફુટ ક્ષેત્રફળ નો પ્રત્યક્ષ કબ્જો લઈ રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ છેલ્લે આજરોજ (૧૭/૦૨/૨૦૨૦) નાં રોજ બાકી રહેલ ટી.પી.સ્કીમ નં. ૮૩ (વરીયાવ–કોસાડ) નો ૧૦૮૪ મીટર (૧.૦૦ કિ.મી.) લંબાઈ નો ૯૦.૦૦ મી. પહોળાઈ નો ૯૭,૬૬૪ ચો.મી., ૧૦,૫૦,૮૬૪ ચો.ફુટ ક્ષેત્રફળનો પ્રત્યક્ષ કબ્જો લઈ રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

આમ, નોર્થઝોન(કતારગામ) ધ્વારા ઝોનમાં સમાવિષ્ટ ત્રણ ટી.પી.સ્કીમ પૈકી નો ૨૯૦૨ મીટર (૨.૯ કિ.મી.) લંબાઈ નો ૯૦.૦૦ મીટર પહોળાઈ નો કુલ ૨,૬૦,૬૬૨ ચો.મી. એટલે કે કુલ ૨૮,૦૪,૭૨૩ ચો.ફુટ ક્ષેત્રફળ નો તમામ આઉટર રીંગરોડનો પ્રત્યક્ષ કબજો લઈ સદર રસ્તો જાહેર જનતા માટે ખુલ્લો કરવામાં આવેલ છે જેના કારણે સમય મર્યાદામાં આઉટર રીંગ રોડ બનવાનો માર્ગ મોકળો થયેલ છે. આ રસ્તાનો કબ્જો મેળવતાં આઉટર રીંગરોડ ની વચ્ચે થી પસારથી અમદાવાદ–મુંબઈ રેલ્વેટ્રેક ઉપર ફલાય ઓવર બનાવવા માં નડતી એક મોટી રૂકાવટ દુર થયેલ છે. આ તમામ બાબતો નો ચોકકસપણે જાહેર જનતા ને ભવિષ્યમાં ખુબ જ લાભ થવાનો છે.

ઉપરોકત તમામ કામગીરી નોર્થ ઝોન (કતારગામ)નાં એડી.સીટી ઈજનેરશ્રી ડી.એમ.પટેલ તથા કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીત નાં સીધા માર્ગદર્શન હેઠળ ઝોનનાં તમામ ડે.ઈજનેરશ્રીઓ તથા શહેર વિકાસ ખાતાનાં તમામ આસી. / જુની ઈજનેરો સહિત પૂર્ણ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં............
તા. – – ૨૦૨૦

# પ્રેસનોટ

## મુંબઈ– સુરત રેલ્વે લાઈન પર સચીન–ભેસ્તાન વચ્ચે આવેલ લેવલ ક્રોસીંગ – ૧૪૨,(ભાણોદ્રા ફાટક) ૨૫૫/૨૭–૨૯ કિ.મી. પર રેલ્વે ઓવર બ્રીજ.

ગુજરાત રાજ્ય સરકારશ્રી તથા રેલ્વે વિભાગ, ભારત સરકારશ્રી ધ્વારા ગુજરાત રાજ્યનાં જુદા જુદા શહેરોમાંથી પસાર થતી રેલ્વે લાઈન ઉપર આવેલ હયાત રેલ્વે લેવલ ક્રોસીગ પરથી પસાર થતા વાહન વ્યવહારો તથા રાહદારોઓને સરળતા રહે તે હેતુસર, DFCC રૂટ પર આવતા જુદા–જુદા કુલ : ૫૩ રેલ્વે ઓવર બ્રીજ કોસ્ટ શેરીગ પધ્ધતિથી બનાવવા અંગેની સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ. જેમાં DFCC ધ્વારા કુલ ૨૭ નંગ આર.ઓ.બી. તથા અન્ય ૨૬ નંગ આર.ઓ.બી. સંબંધિત લોકલ સંસ્થા ધ્વારા હાથ ધરવા અંગેનો નિર્ણય લેવાયેલ.

જે પૈકી સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં કુલ ૦૨(બે) રેલ્વે ઓવર બ્રીજ પૈકી (૧) મુંબઈ– સુરત રેલ્વે લાઈન પર સચીન–ભેસ્તાન વચ્ચે આવેલ લેવલ ક્રોસીગ નં. –૧૪૨ (ભાણોદ્રા ફાટક) પર રેલ્વે ઓવર બ્રીજ તથા (૨) અમરોલી– સાયણને જોડતાં રસ્તા પર કોસાડ – ક્રિભકો લાઈન ઉપર એલ.સી. નં. ૦૫ પર રેલ્વે ઓવર બ્રીજ (વસવારી ફાટક)નો સમાવેશ થાય છે. જે પૈકી એલ.સી. નં.૫ કોસાડ–ક્રિભકો લાઈન ઉપરના ઓવર બ્રીજની કામગીરી રાજ્ય સરકાર અને DFCC વિભાગની ખર્ચની ભાગીદારીમાં મહાનગરપાલિકાએ બાંધવાનો રહે છે અને અમદાવાદ– મુંબઈ રેલ્વે લાઈન ઉપર રેલ્વે લેવલ ક્રોસીગ નં.૧૪૨ (ભાણોદ્રા ફાટક) ની કામગીરી DFCC વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવેલ છે. સદર કામગીરીનાં ખર્ચનો ૫૦% ભાગ રાજ્ય સરકારશ્રી તથા બાકીના ૫૦% પૈકી, ૨૫ % ભાગ DFCC અને ૨૫ % ભાગ રેલ્વે વિભાગ ધ્વારા ભોગવવામાં આવનાર છે.

સદર કામ કુલ રૂા.૩૮.૭૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે. તથા આ કામગીરી હાલમાં સ્થળ પર DFCC વિભાગ ધ્વારા પ્રગતિ હેઠળ છે. જેમાં અંદાજે ૨૧% જેટલી કામગીરી સ્થળ પર પુર્ણ કરવામાં આવેલ છે. હાલમાં સ્થળ પર કામગીરી પુર ઝડપે ચાલી રહેલ છે અને આગામી વર્ષમાં શહેરને ઉધના ઝોન વિસ્તાર માટે વધુ એક રેલ્વે ઓવર બ્રીજ વપરાશમાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૩૫
તા.૧૮-૦૨-૨૦૨૦

તા. ૧૮/૦૨/૨૦૨૦

**પ્રેસ નોટ**

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંતર્ગત આજ રોજ **તા.૧૮/૦૨/૨૦૨૦**ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારી, ભેદવાડ વિગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલ્લે **૬૨** મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમજ પાંડેસરા શિવનગરમાં **૦૪** મિલકતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ, જે કાર્યવાહી દરમ્યાન **૩૯** જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા **૦૯.૯૧** લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા **૪૪.૭૮** લાખ જેટલી વસુલાત થયેલ છે.

વધુમાં, જમીન મિલકત વિભાગ ધ્વારા **૩૯** જેટલા આવાસ સીલ કરવાની કાર્યવાહી દરમ્યાન **૩૯** જેટલા મિલ્કતદારોએ સ્થળ પર રૂપિયા ૩.**૧૯** લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા **૭.૨૮** લાખ જેટલી વસુલાત થયેલ છે.

સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં આજ દિન સુધી રૂપિયા **૧૯૨.૫૩** કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા

સમાચાર યાદી નં......૭૩૬

તા.૧૫/૦૨/૨૦૨૦

# પ્રેસનોટ

વસતિ ગણતરી ૨૦૨૧ અંતર્ગત તા.૧૮/૦૨/૨૦૨૦ સુધીમાં ગુજરાતના દરેક જિલ્લાના ચાર્જ અધિકારીઓ તથા સપોર્ટીંગ સ્ટાફને ઘરયાદીકરણ તથા સંબંધિત વસતિ ગણતરી હેઠળનો ડેટા એકત્રીકરણ, ડેટા એન્ટ્રી, ડેટા અપલોડીંગ અને આ તમામ કામગીરીનું મોનીટરીંગ કરવા અર્થે જે ઓનલાઈન સીસ્ટમ (CMMS Portal)ના ઉપયોગ દ્વારા થનાર હોય આનુષાંગિક માહિતી તથા માર્ગદર્શન આપવાની થાય છે. આથી નાયબ નિયામકશ્રી વસતિ ગણતરી વિભાગના નેજા હેઠળ સુરત જિલ્લાના માસ્ટર ટ્રેનરો તેમજ નિયુકત કરેલ નોડલ અધિકારીઓ તાલીમ આપવા હાજર રહેલ. સદર તાલીમ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકા અને જિલ્લાના ચાર્જ લેવલના તમામ સ્ટાફ તા.૧૭/૦૨/૨૦૨૦ અને તા.૧૮/૦૨/૨૦૨૦ બે દિવસીય તાલીમમાં જોડાયા હતા. જેમાં જિલ્લાના–૧૨૦ અને સુરત મહાનગરપાલિકાના–૧૨૪ મળી કુલ–૨૪૪ જેટલાં અધિકારી/ કર્મચારીઓને વી.ટી.ડી. વનિતા વિશ્રામ હાઈસ્કુલ, ખાતે જુદા–જુદા ૬ વર્ગોમાં સવારે ૧૦:૦૦ કલાકે થી સાંજે ૫:૦૦ કલાક સુધી તાલીમ આપવામાં આવેલ.

કલેકટરશ્રીએ પ્રથમ દિવસે જિલ્લાના તાલીમ વર્ગોની મુલાકાત લઈ જણાવેલ કે ભારતની વસતિ ગણતરી દર દસ વર્ષે કરવામાં આવે છે. જે ભારતની ચુંટણી પ્રક્રિયા કરતાં પણ વધુ મહત્વની પ્રક્રિયા છે. જેથી તાલીમની અગત્યતા સમજી નિષ્ઠાપુર્વક તાલીમમાં ભાગ લેવા તમામ સ્ટાફને સુચિત કરેલ.

વસતિ ગણતરી–૨૦૨૧ CMMS Portal દ્વારા ઓનલાઈન મોબાઈલ એપ્લીકેશન તથા કોમ્પ્યુટરના માધ્યમથી કરવામાં આવશે. સદર કામગીરી બે તબકકામાં કરવામાં આવશે. જેમાં પ્રથમ તબકકાની કામગીરી તા.૧૬/૦૪/૨૦૨૦ થી તા.૩૦/૦૫/૨૦૨૦ દરમ્યાન ઘરયાદીકરણ અને મકાનોની ગણતરી કરવામાં આવશે. જે માટે સુરત મહાનગરપાલિકાના ૧૦૧ સેન્સસ વોર્ડ વિસ્તાર માટે ૨૯ ચાર્જ ઓફિસરોની નિયુકિત કરવામાં આવેલ હોય તથા સેન્સસ મોડયુલ CMMS Portalની કામગીરી અર્થે દરેક ચાર્જ ઓફિસરોને ફાળવેલ ટેકનીકલ આસીસ્ટન્ટ તથા સપોર્ટીંગ સ્ટાફને પ્રથમ તબક્કાની કામગીરી અન્વયે તમામ માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવેલ. તદ્ઉપરાંત વસતિ ગણતરી ૨૦૨૧ અંતર્ગત બીજા તબકકાની કામગીરી તા.૦૯/૦૨/૨૦૨૧ થી તા.૨૮/૦૨/૨૦૨૧ દરમ્યાન થનાર હોય જે માટે સચોટ તથા સંપૂર્ણ ડેટા એકત્રીત કરવાના આયોજન હેઠળ પ્રથમ તબક્કાની કામગીરીની અગત્યતા સમજાવવામાં આવેલ.

જનગણના કાર્યાલય ગાંધીનગરના નાયબ નિયામકશ્રી આર.એલ.જૈન સુરત મહાનગરપાલિકાના નોડલ અધિકારીશ્રી એ.એસ.રાણા અને જિલ્લાના નોડલશ્રી એન.ડી.સુતરીયા અને સુરત મહાનગરપાલિકાના માસ્ટર ટ્રેનર શ્રી હિરનેશ ભાવસાર તથા જિલ્લા આંકડા અધિકારીશ્રી અને સુરત મહાનગરપાલિકાના સ્પે.ઓફિસરશ્રી ઈલેકશન એન્ડ સેન્સસ હાજર રહી ઉકત બે દિવસીય તાલીમ કાર્યક્રમને સંપન્ન કરવામાં આવેલ.

# :: પ્રેસનોટ ::

## "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા"

વિષય : "પૂ.શ્રીમોટા, હરિ:ૐ આશ્રમ, કુરુક્ષેત્ર જહાંગીરપુરા, સુરત" પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા"

પૂ.શ્રીમોટા, હરિ:ૐ આશ્રમ, કુરુક્ષેત્ર જહાંગીરપુરા, સુરત પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર દોડ સ્પર્ધા" તા.૦૧/૦૩/૨૦૨૦ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે તથા "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા" સવારે ૮.૦૦ કલાકે વી.આર.મોલની સામે, વાય જંકશન પાસે, સુરત–ડુમ્મસ રોડ, સુરત ખાતે યોજવામાં આવનાર છે. આ સ્પર્ધામાં ૯ થી ૧૩ વર્ષની વયના સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કોઈ પણ શાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત (ફોન નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–Ext : 245) ખાતેથી મેળવી તા.૨૭/૦૨/૨૦૨૦ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન ઉંમરના પુરાવા તથા મેડીકલ ફીટનેસ સર્ટીફિકેટ સાથે પરત કરવાના રહેશે. સુરત મહાનગરપાલિકા મોટી સંખ્યામાં સ્પર્ધકોને ભાગ લેવા અનુરોધ કરે છે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ મળી શકશે.

સમાચારયાદી નં.　　　, તા.　　/૦૨/૨૦૨૦, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાનાં આકારણી અને વસુલાત વિભાગ સેન્ટ્રલઝોન ધ્વારા બાકી મ્યુનિસિપલ વેરા બાબતે સઘન ઝુંબેશ તા.૧૦/૦૨/૨૦૨૦ થી તા.૧૭/૦૨/૨૦૨૦ દરમ્યાન હાથ ધરતાં બાકી મિલકતદારો પૈકી વોર્ડ નં. ૧ થી ૧૨માં આવેલ વિસ્તારો નાનપુરા મેઈન રોડ, સગરામપુરા, સલાબતપુરા, બેગમપુરા, હરીપુરા, મહિધરપુરા, સ્ટેશન રોડ, સૈયદપુરા, નાણાવટ, શાહપોર માં આવેલ નીચે જણાવેલ કુલ – ૮૯ મિલકતોને સીલ કરવામાં આવેલ તેમજ ૦૫ – નળ કનેકશન કાપતા સદર વેરા વસુલાત ઝુંબેશ દરમ્યાન કુલ રૂા. ૧,૦૨,૨૭,૪૮૧/– વસુલ કરવામાં આવેલ છે.આ સાથે ફોટો કોપી સામેલ છે.

| અ. નં. | સીલ મારેલ મિલકત | સંખ્યા | ઉપયોગ પ્રકાર |
|---|---|---|---|
| ૧ | કોહિનુર ટેક્ષટાઈલ માર્કેટ,સલાબતપુરા | ૮ | દુકાન |
| ૨ | સોદાગરવાડ માં | ૨ | ગોડાઉન |
| ૩ | જાપાન ટેક્ષટાઈલ માર્કેટ,રીંગરોડ | ૨ | ઓફિસ |
| | | ૪ | દુકાન |
| ૪ | ઈન્ડિયા ટેક્ષટાઈલ માર્કેટ, સલાબતપુરા | ૧ | ગોડાઉન |
| | | ૧ | શોપ |
| ૫ | કોટસફી રોડ, અપના બજાર | ૪ | રેસીડેન્ટ |
| ૬ | નર્મદા એપા., સગરામપુરા | ૫ | ઓફિસ |
| | | ૨ | ગોડાઉન |
| ૭ | બ્રેજન સ્કેવર ,રીંગરોડ | ૩ | ઓફિસ |
| ૮ | ચોકબજાર સીધીવાડ | ૧ | દુકાન |
| ૯ | ફુરજા પોલીસ સ્ટેશન સામે | ૩ | દુકાન |
| ૧૦ | મુરાની પ્લાઝા,કતારગામ દરવાજા | ૮ | દુકાન |
| ૧૧ | ધનરાજ પેટ્રોલ પંપ સામે,ચોકબજાર | ૧ | દુકાન |
| ૧૨ | ભુલા મોદીનો ચકલા,બેગમપુરા | ૩ | રેસીડેન્ટ(નળ કનેકશન) |
| ૧૩ | સત્યમ કાપડ સેન્ટર ,ગલેમંડી રોડ | ૫ | ઓફિસ |

જેથી જે કરદાતાનો મ્યુ. ટેક્ષ બાકી હોય તેઓએ નળ કનેકશન, ડ્રેનેજ કનેકશન તથા મિલકત શીલ થવાની કાર્યવાહીથી બચવા અનુરોધ કરવામાં આવે છે.

સમાચાર યાદી નં........
તા.૧૭/૦૨/૨૦૨૦
જનસંપર્ક વિભાગ(P.R.O.)
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન

# અખબારી યાદી

ટી.પી.સ્કીમ નં.૫(ઉમરા–નોર્થ)માં એસ.વી.એન.આઈ.ટી. થી શરૂ થઈ ઉમરા ગામ થઈ પાલને જોડતાં તાપી નદી ઉપરના પાલ–ઉમરા બ્રીજના એસ.વી.એન.આઈ.ટી. થી શરૂ થઈ ઉમરા ગામ સુધીના હયાત ૧૮.૦૦ મી.ના ટી.પી.રસ્તાની બંને તરફે આવેલ ખાનગી તથા સરકારી જગ્યાઓમાંથી ૨૪.૦૦ મી.ના સુચિત રસ્તાની રસ્તારેખામાં આવતાં કાચા–પાકા બાંધકામ સહિતના કમ્પાઉન્ડ વોલના દબાણો દૂર કરી સદરહું ૫૦૦ મી.ની લંબાઈનો ટી.પી.રસ્તો ૨૪.૦૦ મી.ની સંપૂર્ણ પહોળાઈમાં ખુલ્લો કરાવવામાં આવેલ છે. સદરહું કામગીરી દરમ્યાન અંદાજે ૨૩,૯૫૦.૦૦ ચો.ફુટ એલાઈમેન્ટમાં આવતી જગ્યાનો કબજો મેળવી લેવામાં આવેલ છે તેમજ આ રસ્તારેખા હેઠળ આવતાં નવ પલ્લવ સોસાયટી, નહેરૂનગર સોસાયટીના રહેણાંક એકમોની અંદાજે ૧૫,૪૫૦.૦૦ ચો.ફુટ એલાઈમેન્ટમાં જતી જગ્યાના કબજા સ્વૈચ્છિક સુપ્રત કરવા બાબતે સંમતિપત્રકો મેળવવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ડે.કમિશ્નરશ્રીની સુચના તથા શહેર વિકાસ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.....................

તા.૧૯/૦૨/૨૦૨૦

**તા. ૧૯/૦૨/૨૦૨૦**

# <u>પ્રેસ નોટ</u>

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત આજ રોજ **તા.૧૯/૦૨/૨૦૨૦**ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારી, ભેદવાડ વિગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલ્લે **<u>૫૩</u>** મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમજ ઉધના – કલ્યાણ કુટીર, સર્વોદય નગરમાં **<u>૨૫</u>** મિલકતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ, જે કાર્યવાહી દરમ્યાન **<u>૨૯</u>** જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા **<u>૦૬.૧૩</u>** લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા **<u>૪૩.૦૬</u>** લાખ જેટલી વસુલાત થયેલ છે.

વધુમાં, જમીન મિલકત વિભાગ ધ્વારા **<u>૧૨</u>** જેટલા આવાસ સીલ કરવાની કાર્યવાહી દરમ્યાન **<u>૧૨</u>** જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા ૦**<u>.૭૨</u>** લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા **<u>૪.૬૮</u>** લાખ જેટલી વસુલાત થયેલ છે.

સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં આજ દિન સુધી રૂપિયા **<u>૧૯૩.૦૧</u>** કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા

સમાચાર યાદી નં......

તા.૧૯/૦૨/૨૦૨૦

# અખબારી યાદી

સુરત :– સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં આવેલ ટી.પી.સ્કીમ નં.–૪૦, એફ.પી.નં.–૭૧/આર–૧૧ માં આવેલ ગણેશનગર શાકભાજી / ફળફળાદી માર્કેટના સ્ટોલની ફાળવણીની ડ્રોની કાર્યવાહી તા.૨૯/૦૨/૨૦૨૦ (શનિવાર) ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન કચેરીના પાર્કીંગમાં રાખવામાં આવેલ છે. ડ્રો માં આમેજ કરેલ દાવેદારોની અંતિમ યાદી ગણેશનગર શાકભાજી માર્કેટ, ઉધનાયાર્ડ વોર્ડ ઓફીસ તથા સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન કચેરી ખાતે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે યાદી મુજબના દાવેદારોએ ડ્રો માં સમયસર ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નંબર :– ...૭૪૨...
તા.૨૦/૦૨/૨૦૨૦

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ  વોર્ડ નં.૧૨, નોંધ નં.૫૦,૫૮,૫૯ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી નરેશકુમાર એ.છત્રીવાલા તથા અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૦/૦૨/૨૦૨૦ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત ગ્રા.ફલોર થી ચાર માળ સુધી પાછળના ભાગે આવેલ મંજુર પ્લાનમાં દર્શાવેલ ઓપન સ્પેસ વિસ્તારમાં આશરે ૧૪૧૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૨૫,૦૦૦/– અને સી.એન્ડ ડી.વેસ્ટ પેટે રૂા.૨૫,૦૦૦/–  વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૭૪૩
તા.૨૦/૦૨/૨૦૨૦

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પીટલમાં મહીલા કર્મચારીઓના મેડીકલ ટેસ્ટ કરવા બાબતે નિષ્પક્ષ અને તટસ્થ તપાસ થઈ શકે તે માટે માન. કમિશનરશ્રી ધ્વારા કમિટી ની રચના કરી નીચે જણાવેલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે, અને ઉક્ત કમિટીએ દિન-૧૫ માં કમિશનરશ્રીને રીપોર્ટ રજુ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે

કમિટીના માં (૧) ડો. કલ્પના દેસાઇ, નિવૃત ડીન (૨) ગાયત્રી જરીવાલા, આસી. કમિશનર અને ઇ.ચા. ડે.કમિશનર (૩) તૃપ્તિ કલથિયા, કાર્યપાલક ઇજનેર નો સમાવેશ કરવામાં આવેલ છે.

2020-02-21

**તા. ૨૨/૦૨/૨૦૨૦**

## પ્રેસ નોટ

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત આજ રોજ **તા.૨૨/૦૨/૨૦૨૦**ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારી, ભેદવાડ , સંજયનગર(સ્લમ એરીયા) વિગેરે જેવા જુદા જુદા વિસ્તારોમાં કુલ્લે ૩૫ મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમજ ઉધના – સર્વોદય નગર, આર્શીવાદ ટાઉનશીપ–૧ અને ૨, વિષ્ણુનગર –૧ અને ૨ માં ૦૮ મિલકતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ, જે કાર્યવાહી દરમ્યાન **૧૨** જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા ૩.૫૦ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છ. જેમા રૂપિયા **૨.૪૦** લાખ જેટલી વસુલાત સંજયનગર(સ્લમ એરીયા)માં થી થયેલ છ . અને આજ રોજ રૂપિયા **૨૦.૩૫** લાખ જેટલી વસુલાત થયેલ છે.

વધુમાં, જમીન મિલકત વિભાગ ધ્વારા ૩૦ જેટલા આવાસ સીલ કરવાની કાર્યવાહી દરમ્યાન ૩૦ જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા **૧.૩૭** લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા **૨.૪૨** લાખ જેટલી વસુલાત થયેલ છે.

સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં આજ દિન સુધી રૂપિયા **૧૯૩.૮૯** કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા

સમાચાર યાદી નં......

તા.૨૨/૦૨/૨૦૨૦

# <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેર ના ગોતાલાવાડી ટેનામેંટ રિ-ડેવલોપમેન્ટ કામગીરી માં નેશનલ મોન્યુમેંટ ઓથોરીટીના ઊંચાઈ બાબતે N.O.C. ના લીધે ડેવલપર દ્વારા છેલ્લા ચાર-પાંચ માસથી કામગીરી બંધ કરવામાં આવેલ અને ત્યાંના ૧૩૦૪ લાભાર્થીઓ ના ભાડા અંગે નો પ્રશ્ન ઊભો થયો અને રિ-ડેવલોપમેન્ટ ની કામગીરી અટકી પડેલ તે ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકા ના માનનીય સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોષ, મેયર શ્રી જગદીશભાઇ પટેલ, કમિશ્નરશ્રી, તમામ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, સ્લમ અપગ્રેડેશન ડિપાર્ટમેંટ ના અથાગ અને અવિરત પ્રયાસો, ગાંધીનગર સુધી ની પ્રત્યક્ષ મુલાકાત, રજૂઆતના ફલસ્વરૂપે નેશનલ મોન્યુમેંટ ઓથોરીટી દ્વારા તેમની ૨૩૭ નંબર ની મિટિંગ માં ૨૨.૮૦ મીટરની ઊંચાઇ બાબતે લેવામાં આવેલ નિર્ણય ને ફેરવિચારણા કરવા બાબતે મ્યુ. કમિશ્નરશ્રી બાંછાનીધિ પાની દ્વારા ગાંધીનગર માં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ માં કરવામાં આવેલ રૂબરૂ ચર્ચા ના અંતે સુરત શહેરના માનનીય સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોષ, મેયર શ્રી જગદીશભાઇ પટેલ, , ડે.મ્યુ. કમિશ્નરશ્રી કેતન પટેલ, કાર્યપાલક ઇજનેર શ્રી મહેશ જયમાલાની દ્વારા તારીખ ૧૦/૦૨/૨૦૨૦ ના રોજ દિલ્હી મુકામે મિનિસ્ટર ઓફ કલ્ચર શ્રી પ્રહલાદસિંહ પટેલ સમક્ષ વિસ્તૃત પ્રેજન્ટેસન કરવામાં આવેલ જે ધ્યાને લઈ તારીખ ૧૨/૦૨/૨૦૨૦ ના રોજ નેશનલ મોન્યુમેંટ ઓથોરીટી ની ૨૬૩ નંબર ની મિટિંગ માં વધારાના કામ તરીકે આ બાબત નો સમાવેશ કરી ૩૫.૦ મીટર સુધી ની ઊંચાઇ વાળા રિવાઇસ પ્લાનો તૈયાર કરી, રજૂ કરવા નો નિર્ણય લઈ મિનીટાઇઝડ કરવામાં આવેલ જે નીચે મુજબ છે.

**<u>Additional Agenda</u>**

**<u>Case no. 01</u>**

**(Shri Kirit Manharlal Mausuria, Authorized Signatory of M/s J.P.Iscon Pvt. Ltd., C/o. Dholariya Design(Jagdish Bhikhabhai Patel), C/17, 2nd Floor, Padmavati Flat, Nr. Narannagar Bus Stop, Above Mukesh Bhaji Pav, Naroda, Ahmedabad-382330, Gujarat)**

A meeting was held in the chamber of Hon'ble Culture Minister in the presence of Mayor of Surat Municipal Corporation and Deputy Commissioner, Surat, Municipal Corporation. The applicant agreed to accept the maximum height of the existing buildings in the surrounding i.e 35.00 mtrs all inclusive.

In view of the above the case is recommended on the basis of review Petition submitted by Commissioner with the maximum height of 35 mtr (inclusive all) particularly keeping in view the fact that 1304 slum-dweller families are adversely affected due to delay in the project and the fact that the Heritage Impact Assessment Report does not mention any adverse impact on the monument. The applicant should submit a revised building plan with the total height restricted to 35 mtrs (including mumty, parapet, water storage tank, lift room etc) for approval of NMA.

આમ સુરત મહાનગરપાલિકાના અધિકારી – પદાધિકારી ના સંકલન, સુમેળભર્યા પુરુષાર્થ થકી તેમજ માનનીય સાંસદશ્રી ના માર્ગદર્શન શહેર પ્રમુખ શ્રી નિતિન ભજીયાવાળા ની કુનેહ તેમજ તમામ પદાધિકારીશ્રીઓ ની રાહબરી અને મ્યુ. કમિશ્નરશ્રી ની સચોટ કાર્યદક્ષતાના લીધે આ પેચિદા પ્રશ્નનો સુખદ ઉકેલ લાવી શકયા છીએ અને એ બદલ સુરત ના પ્રથમ નાગરિક મેયર શ્રી જગદીશભાઇ પટેલ સર્વે નો ખૂબ આભાર વ્યક્ત કરે છે અને ટીમ સુરત ને અભિનંદન પાઠવે છે.

# પ્રેસનોટ

## આરોગ્ય વિભાગ

સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત "શહેરી આરોગ્ય કેન્દ્રો" દ્વારા શહેરીજનોને વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવામાં આવે છે. આ વર્ષથી શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતેથી અપાતી સેવાઓ નેશનલ કવોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ(NQAS) મુજબ અપાય છે કે નહી તે અંગે ભારત સરકારનાં સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નિર્માણ ભવન દ્વારા એસેસમેન્ટ હાથ ધરવામાં આવેલ હતું. જે અંતર્ગત માર્ગદશિકા અને ચેકલીસ્ટ મુજબ ૭૦% માકર્સ મળ્યેથી શહેરી આરોગ્ય કેન્દ્રને કવોલીટી સર્વિસીસ આપવા બદલ "નેશનલ કવોલીટી એસ્યોરન્સ સર્ટીફીકેશન" આપવામાં આવે છે. જેના ભાગરૂપે ૨૮ જાન્યુઆરી ૨૦૨૦ થી ૨૯ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન અડાજણ શહેરી આરોગ્ય કેન્દ્ર, ૨૯ જાન્યુઆરી ૨૦૨૦ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન ન્યુ ડીંડોલી શહેરી આરોગ્ય કેન્દ્ર તથા ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન ઉમરા શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે એસેસમેન્ટ કરવામાં આવેલ હતું. જેના ભારત સરકારના પ્રતિનિધિઓ શ્રી પ્રદિપ શર્મા, ડો.ફેઝલ રેહેમાન, શ્રી કમલાકર ભાટુ,ડો. નરેશ જી. દ્વારા આરોગ્ય કેન્દ્રો ખાતે જનરલ કલીનીક, માતા આરોગ્ય સેવાઓ, બાળ આરોગ્ય, ન્યુ બોર્ન હેલ્થ,રસીકરણ, ફેમીલી પ્લાનીગ સર્વિસ, કોમ્યુનિકેબલ ડીસીઝ, નોન કોમ્યુનિકેબલ ડીસીઝ,આઉટરીચ સર્વિસ, દવાઓની ઉપલબ્ધતા અને મેનેજમેન્ટ, લેબોરેટરી સેવાઓ અને જનરલ એડમીનીસ્ટ્રેશન જેવા માપદંડો ઉપર અપાતી સેવાઓનું સઘન એસેસમેન્ટ હાથ ધરવામાં આવેલ હતું.

આ એસેસમેન્ટ દરમ્યાન ફીઝીકલ ઈન્ફ્રાસ્ટ્રકચરનું નિરીક્ષણ, સ્ટાફ સાથેનું ઈન્ટરએકશન, નોલેજ એસેસમેન્ટ, છેલ્લા ૨(બે) વર્ષનાં આરોગ્યલક્ષી હેલ્થ ઈન્ડીકેટરનું રીવ્યુ, પેશન્ટ સાથે આરોગ્યલક્ષી સેવાઓ માટેના અભિપ્રાય જેવા માપદંડો વિગેરે બાબતો અંગે રીવ્યુ કરવામાં આવેલ. જેનું પરીણામ ગતરોજ ભારત સરકાર દ્વારા જાહેર થતાં સુરત મહાનગરપાલિકાના અડાજણ, ન્યુ ડીંડોલી અને ઉમરા શહેરી આરોગ્ય કેન્દ્રોને અનુક્રમે ૯૦.૮%, ૯૨.૫ % અને ૯૨.૫ % માકર્સ સાથે "નેશનલ કવોલીટી એસ્યોરન્સ સર્ટીફીકેશન" પ્રાપ્ત થયેલ છે.

આ અગાઉ રાંદેર અને ઉન આરોગ્ય કેન્દ્રોને પણ "નેશનલ કવોલીટી એસ્યોરન્સ સર્ટીફીકેશન" પ્રાપ્ત થયેલ છે તથા આગામી દિવસોમાં લખપતિ અને પાલનપોર આરોગ્ય કેન્દ્રોનું ભારત સરકાર દ્વારા ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવશે. સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ શહેરી આરોગ્ય કેન્દ્રોને "નેશનલ કવોલીટી એસ્યોરન્સ સર્ટીફીકેશન" મળી રહે તે અંગેની કામગીરી અગામી વર્ષમાં તબક્કાવાર આવરી લેવામાં આવશે.

::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. ૭૪૭
તા.૨૪/૦૨/૨૦૨૦
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

## પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**સેન્ટ્રલ ઝોનમાં ઘનિષ્ઠ દબાણ હટાવ ઝુંબેશ :-**

સેન્ટ્રલ ઝોનમાં ઝોનલ ચીફ/ડે.કમિનરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીની આગેવાની હેઠળ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં દિવસ દરમ્યાન ઝીરો દબાણ રૂટ ઉપર દબાણ હટાવવાની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી છે. આજ રોજ ભાગળથી કાંસકીવાડ અને કાંસકીવાડથી કોટસફીલ રોડ–લારી નંગ–૨૦, કૈલાસનગર અને જીવન ભારતી રોડ–લારી નંગ.૨૦, કોટસફીલ રોડ– લારી નંગ.૧૨, એર ઈન્ડિયાથી કોટસફીલ રોડ– લારી નંગ.૧૫, રીંગરોડ મજુરાગેટ–લારી નંગ.૭, રેલ્વે સ્ટેશન વિસ્તાર–લારી નંગ.૯, કુલ ૮૩ લારીઓ તથા અન્ય પરચુરણ વસ્તુઓ– નંગ.૧૫ જપ્ત કરી ઘનિષ્ઠ ઝુંબેશ આદરી તમામ દબાણો દુર કરી રસ્તો રાહદારીઓ માટે ખુલ્લો કરવામાં આવેલ તથા દબાણ હટાવવાની કામગીરી હાલપણ ચાલુ છે.

સદર ઝુંબેશમાં નીચે જણાવેલ સ્ટાફ તથા સાધનો ઉપસ્થિત રહેલ.

(૧) ડે.ઈજનેર – ૦૩
(૨) જુની./આસી. ઈજનેર – ૦૫
(૩) સુપરવાઈઝર/ટી.એ.– ૦૮
(૪) માર્શલ– ૧૫
(૫) બેલદાર – ૨૫
(૬) ટ્રક – ૪
(૭) જીપ – ૨

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં...૩૮૬.....
તા.૨૪/૦૨/૨૦૨૦

**—:: પ્રેસનોટ ::—**

સુરત શહેરમાં આગ અકસ્માતનાં બનાવમાં કમી આવે તે અર્થે ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા નીચે મુજબનાં વિવિધ કામગીરીઓ કરવામાં આવેલ.

**૧ સુરત ફાયર વિભાગની ટીમ ધ્વારા આગ અકસમાત અને બચાવની કરેલ કામગીરીની વિગત**

- તા.૨૪/૦૨/૨૦૨૦ નાં રોજ સવારે ૧૦–૫૨ મીનીટે ઉમરવાડા સોમેશ્વર માર્કેટની સામે, કિરણ હાઉસ, ટી.પી.નં. –૦૭ એફ.પી.નં. ૫૪ ખાતે ગ્રાઉન્ડ ફલોર ખાતે સાડી , કાપડ, ફર્નિચર કોમ્પ્યુરમાં આગ લાગેલ જેમાં માનદરવાજા ફાયર સ્ટેશન ,ડુંભાલ ફાયર એન્જીન અને માન બાઉઝર, નવસારી બજાર ફાયર સ્ટેશન ખાતેથી ફાયર એન્જીન અને માન ,મજુરા ફાયર એન્જીન અને માન, ભેસ્તાન ફાયર સ્ટેશન ખાતેથી વોટર બાઉઝર, અને ડીંડોલી ફાયર સ્ટેશન ખાતે ફાયર એન્જીન ઘટના સ્થળે અધિકારી સહીત ગયેલ. ઘટનાં સ્થળે ચીફ ફાયર ઓફીસર શ્રી બી.કે. પરીક, ઈ/ચા ડે.ચીફ ફાયર ઓફીસરશ્રી ડી.એચ.માખીજાની તેમજ ફાયર વિભાગનાં અન્ય અધિકારીઓ ઘટનાં સ્થળે પહોચીને આગ ને કાબુમાં લીધેલ. જાનહાની નથી. સતત ૩ કલાક પાણી મારો કરી માલ મિલકતનો બચાવી લઈ, બપોરે ૧–૨૯ ફાયરનાં વાહનો પરત થયેલ જે ફાયર વિભાગની કામગીરનાં કારણે વધુ નુકશાન તેમજ ઈજા જાનહાની નથી. સદર ટેક્ષટાઈલ માર્કેટને માહે જાન્યુઆરી –૨૦૨૦માં ફાયર સેફટી સીસ્ટમ ઉપલબ્ધ કરાવવા નોટીશ આપવામાં આવેલ આમ નોટીશ આપવામાં આવેલ હોવાછતાં આ માર્કેટનાં સચાલકો તરફથી કોઈપણ પ્રકારની ફાયર સેફટીની સીસ્ટમ કાર્યરત ન કરાવતા આજરોજ કિરણ હાઉસને ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા સીલ કરવામાં આવેલ.

**૨. સુરત ફાયર વિભાગની ટીમ ધ્વારા વિવિધ ઝોનાં શહેર વિકાસ વિભાગનાં અધિકારી સાથે સંકલન કરી નીચે મુજબની ઈમારતો માં ફાયર ફાઈટીગ હેતુથી સલામત છે કે કેમ ? તેની ચકાસણી / સર્વે કરેલ અને જયા ફસાડ હતા જેવી ઈમારતોને નોટીશ આપેલ.**

(ક) **વરાછા ઝોન** બી ખાતે આવેલ ૦૫ કોર્મશીયલ ઈમારતમાં ચેક/સર્વે કરવામાં આવેલ. જયારે ફસાડની ખામી જણાયેલ ૦૫ ઈમારતને નોટીશ આપવામાં આવેલ છે

(ખ) **સેન્ટ્રલ ઝોન** ખાતે આવેલ ૦૨ કોર્મશીયલ ઈમારતમાં ચેક/સર્વે કરવામાં આવેલ.

(ગ) **સાઉથ ઈસ્ટ ઝોન** ખાતે આવેલ ૦૨ કોર્મશીયલ ઈમારતમાં ચેક/સર્વે કરવામાં આવેલ. જયારે ફસાડની ખામી જણાયેલ ૦૨ ઈમારતને નોટીશ આપવામાં આવેલ છે

(ઘ) **વેસ્ટ ઝોન** ખાતે આવેલ ૦૧ કોર્મશીયલ ઈમારતમાં ચેક/સર્વે કરવામાં આવેલ.

(ચ) **સાઉથ વેસ્ટ ઝોન** ખાતે ૦૩ કોર્મશીયલ ઈમારત ચેક/સર્વે કરવામાં આવેલ. જયારે ફસાડની ખામી જણાયેલ ૦૬ ઈમારતને નોટીશ આપવામાં આવેલ છે

**ઉપરોકત કામગીરી જાહેર સલામતીને ધ્યાને લઈને કરવામાં આવેલ છે.**

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.................**
**તા.૨૪/૦૨/૨૦૨૦**

**:: પ્રસનાટ ::**

## ઈલેકશન એન્ડ સેન્સસ
## વસતિ ગણતરી–૨૦૨૧ની કામગીરીની રૂપરેખા

દર દસ વર્ષે ભારત સરકાર હેઠળના ગૃહ મંત્રાલય વિભાગના નેજા હેઠળ મહારજીસ્ટ્રાર કાર્યાલય દ્વારા ભારતની વસતિ ગણતરીની કામગીરી હાથ ધરવામાં આવે છે. જે પ્રથમ વસતિ ગણતરી ૧૮૮૧ બાદ ૧૬ મી વખતની અને સ્વતંત્રતા બાદ ૮ મી વખતની માર્ચ –૨૦૨૧ ના પહેલા દિવસના રાત્રે ૧૨:૦૦ કલાકે થશે.

સુરત મહાનગરપાલિકામાં વસતિ ગણતરી–૨૦૧૧ મુજબ કુલ સેન્સસ વોર્ડ–૧૦૧, વસતિ ગણતરી બ્લોક–૮૦૮૭, કુલ વસતિ ૪૪,૬૬,૮૨૬ કુલ ક્ષેત્રફળ–૩૨૬.૫૧૫ ચો.કિ.મી તેમજ આઉટગ્રોથ વિસ્તારના ૬ ગામોનો સમાવેશ થયેલ.જયારે વસતિ ગણતરી–૨૦૨૧ માં કુલ સેન્સસ વોર્ડ–૧૦૧, વસતિ ગણતરી બ્લોક–૧૧૦૦૦(અંદાજીત) કુલ વસતિ ૬૬,૩૭,૭૦૩ (અંદાજીત) કુલ ક્ષેત્રફળ–૩૨૬.૫૧૫ ચો.કિ.મી તેમજ આઉટગ્રોથ વિસ્તાર માટે કામરેજ તાલુકાના –૩ ગામ અને ચોર્યાસી તાલુકાના –૧૦ ગામ મળી કુલ–૧૩ ગામોનો સમાવેશ કરેલ છે.

સદર વસતિ ગણતરીના માળખા તરીકે વસતિ ગણતરી–૨૦૧૧ મુજબ પ્રિન્સીપલ સેન્સસ ઓફિસર તરીકે મ્યુનિ. કમિશ્નરશ્રી, સીટી સેન્સસ ઓફિસર તરીકે આસી.મ્યુનિ. કમિશ્નરશ્રી, કુલ ચાર્જ ઓફિસર–૨૧, વોર્ડ ઓફિસર કમ ફીલ્ડ ટ્રેનર–૧૪૮, સુપરવાઈઝર–૧૩૩૪, ગણતરીદાર–૭૬૬૭ દ્વારા કામગીરી કરવામાં આવેલ. જયારે વસતિ ગણતરી –૨૦૨૧ મુજબ પ્રિન્સીપલ સેન્સસ ઓફિસર તરીકે મ્યુનિ. કમિશ્નરશ્રી, સીટી સેન્સસ ઓફિસર તરીકે ડે. મ્યુનિ. કમિશ્નરશ્રી(ડેપ્યુટેશન), કુલ ચાર્જ ઓફિસર–૩૦, વોર્ડ ઓફિસર કમ ફીલ્ડ ટ્રેનર–૧૬૦, સુપરવાઈઝર–૨૦૦૦ (અંદાજીત), ગણતરીદાર–૧૧૦૦૦(અંદાજીત) દ્વારા કામગીરી કરવામાં આવશે.

વસતિ ગણતરી–૨૦૧૧માં સુરત મહાનગરપાલિકાના–૨૨૨૮ કર્મચારી, નગર પ્રાથમિક શાળાના–૨૩૧૬ શિક્ષકો, જિલ્લા પંચાયત પ્રાથમિક શાળાના–૩૨૯ શિક્ષકો, ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડ માધ્યમિક / પ્રાથમિક શાળાના –૩૪૭૭ શિક્ષકો, સરકારી / અર્ધસરકારી કચેરીઓના –૧૧૬ કર્મચારીઓ, એલ.આઈ.સી. ના કર્મચારી –૬૫ કર્મચારીઓ મળી કુલ–૮૫૩૧ શિક્ષકો/કર્મચારીઓ દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી. હાલ વસતિ ગણતરી–૨૦૨૧ માટે અંદાજીત–૧૩૦૦૦ શિક્ષકો/ કર્મચારીઓની જરૂરીયાત હોય યુનિર્વસીટી તેમજ જિલ્લા કલેકટરશ્રી વિગેરે હસ્તકના વિભાગો/કચેરીમાંથી પત્ર પાઠવી માહિતી મંગાવવામાં આવેલ છે.

**<u>યોજવામાં આવેલ તાલીમની વિગત</u>:–**

- નિયામકશ્રી વસતિ ગણતરી વિભાગ ગાંધીનગર દ્વારા અત્રેના માસ્ટર ટ્રેનરો તથા નિયુકત ટેકનીકલ આસીસ્ટન્ટોને તા.૨૧/૦૧/૨૦૨૦ના રોજ વીડીયો કોન્ફરન્શ મારફતે માર્ગદર્શન પુરુ પાડવામાં આવેલ.
- જિલ્લાના માસ્ટર ટ્રેનરો દ્વારા ચાર્જ ઓફિસરો તથા તેના સહાયક સ્ટાફ મળી કુલ ૧૨૪ અધિકારી/કર્મચારીઓને તા.૦૩ અને ૦૪/૦૨/૨૦૨૦ના રોજ પરફોંર્મીગ આર્ટ સેન્ટર ખાતે તથા તા.૧૭ અને તા.૧૮/૦૨/૨૦૨૦ ના રોજ વી.ટી.ડી. વનિતા વિશ્રામ હાઈસ્કુલ, ખાતે તાલીમ આપવામાં આવેલ છે.

- નિયુકત કરવામાં આવેલ ફીલ્ડ ટ્રેનર, સુપરવાઈઝર, ગણતરીદારોને માર્ચ મહિનાના ત્રીજા અઠવાડીયા પછી તબક્કાવાર તાલીમ આપી તા.૧૬/૦૪/૨૦૨૦ થી ક્ષેત્રિય કામગીરી શરૂ કરવામાં આવશે.

વસતિ ગણતરી–૨૦૨૧ની તબક્કાવાર કામગીરી અંતર્ગત (૧) ઘરયાદીકરણ અને મકાનોની ગણતરી માટે પત્રકો ભરીને અથવા મોબાઈલ એપથી કામગીરી માટે અનુક્રમે રૂ.૫૫૦૦/– અને રૂ.૭૫૦૦/– (૨) રાષ્ટ્રીય વસતિ પત્રક (એન.પી.આર.)ની કામગીરી માટે પત્રક ભરવાના રૂ.૩૭૫૦/– અથવા મોબાઈલ એપથી કામગીરી માટે રૂ.૬૨૫૦/– (૩) વસતિ ગણતરીની કામગીરી માટે પત્રક ભરવાના રૂ.૮૨૫૦/– અથવા મોબાઈલ એપથી કામગીરી માટે રૂ.૧૧૨૫૦/– મળી પત્રકો ભરીને કામગીરી ભરવાના કુલ રૂ.૧૭૫૦૦/– અથવા મોબાઈલ એપથી કામગીરી કરવાના કુલ રૂ.૨૫૦૦૦/– માનદવેતન આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

<u>**ક્ષેત્રિય કામગીરીની વિગત:–**</u>

- વર્ષ ૨૦૧૧ દરમ્યાન બનેલ વસતિ ગણતરીના બ્લોકમાં થયેલ વધારો પ્રમાણે બ્લોક વિભાજન કરવા અર્થેની ફીલ્ડ સર્વેની કામગીરી અત્રેથી નિયુકત થયેલ ૬૨ ટેકનીકલ આસીસ્ટન્ટ મારફતે તા.૦૩/૦૨/૨૦૨૦થી શરૂ કરવામાં આવેલ છે.
- વસતિ ગણતરી–૨૦૨૧ હેઠળ પ્રથમ તબક્કાની ઘરયાદીકરણ અને ઘરોની ગણતરી માટે ગણતરીદારો દ્વારા ઘરે ઘરે ફરીને કામગીરી કરવામાં આવશે. જે તા.૧૬/૦૪/૨૦૨૦ના રોજ શરૂ કરી તા.૩૦/૦૫/૨૦૨૦ દરમ્યાન પૂર્ણ કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૭૫૦
તા.૨૫-૦૨-૨૦૨૦

**તા. ૨૫/૦૨/૨૦૨૦**

# <u>પ્રેસ નોટ</u>

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત આજ રોજ **તા.૨૫/૦૨/૨૦૨૦**ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારી, ભેદવાડ વિગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલ્લે **<u>૫૨</u>** મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમજ પાંડેસરા – ગણપત નગર, શ્રીરામ નગર, શકિત નગરમાં **<u>૦૯</u>** મિલકતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ, તેમજ પાંડેસરા – જી.આઈ.ડી.સી. કોલોનીમાં **<u>૦૯</u>** ખુલ્લા પ્લોટો ઉપર ટાંચમાં લેવા અંગેના નોટીસ બોર્ડ પ્રદર્શિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે કાર્યવાહી દરમ્યાન **<u>૧૩</u>** જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા **<u>૦૩.૨૩</u>** લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા **<u>૪૫.૩૫</u>** લાખ જેટલી વસુલાત થયેલ છે.

વધુમાં, જમીન મિલકત વિભાગ ધ્વારા **<u>૩૧</u>** જેટલા આવાસ સીલ કરવાની કાર્યવાહી દરમ્યાન **<u>૩૧</u>** જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા **<u>૦૧.૨૪</u>** લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા **<u>૬.૫૧</u>** લાખ જેટલી વસુલાત થયેલ છે.

સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં આજ દિન સુધી રૂપિયા **<u>૧૯૪.૮૧</u>** કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં.૭૫૧
તા.૨૫/૦૨/૨૦૨૦

# <u>પ્રેસનોટ</u>

## સેન્ટ્રલ ઝોન

## સુરત મહાનગરપાલિકા

**<u>સેન્ટ્રલ ઝોનમાં ઘનિષ્ઠ દબાણ હટાવ ઝુંબેશ :–</u>**

સેન્ટ્રલ ઝોનમાં ઝોનલ ચીફ/ડે.કમિનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સુચના હેઠળ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં દિવસ દરમ્યાન ઝીરો દબાણ રૂટ ઉપર દબાણ હટાવવાની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી છે. આજ રોજ (૧) ઉધના દરવાજા થી નવસારી બજાર ચાર રસ્તા, (૨) રીગરોડ માન દરવાજાથી સહારા દરવાજા, (૩) મોટી ટોકીઝ વિસ્તાર, અને (૪) મસ્કતી હોસ્પીટલ પાસે કુલ બંધ લારી નંગ–૧૩, ખુલ્લા લારી નંગ–૧૩ તથા અન્ય પરચુરણ વસ્તુઓ–નંગ–૫૮ જપ્ત કરી ઘનિષ્ઠ ઝુંબેશ આદરી તમામ દબાણો દુર કરી રસ્તો રાહદારીઓ માટે ખુલ્લો કરવામાં આવેલ તથા દબાણ હટાવવાની કામગીરી હાલપણ ચાલુ છે.

સદર ઝુંબેશમાં નીચે જણાવેલ સ્ટાફ તથા સાધનો ઉપસ્થિત રહેલ.

(૧) ડે.ઈજનેર – ૦૩
(૨) જુની./આસી. ઈજનેર – ૦૫
(૩) સુપરવાઈઝર/ટી.એ.– ૦૩
(૪) માર્શલ– ૧૦
(૫) બેલદાર – ૨૨
(૬) ટ્રક – ૪
(૭) જીપ – ૨

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૭૫૨
તા.૨૫/૦૨/૨૦૨૦

## :પ્રેસનોટ:

## ડ્રીમ સીટી ઓફિસ બિલ્ડીંગ

- સુરત ડાયમંડ બુર્સનાં આઈકોનીક બિલ્ડીંગની સામે ૨૦૦ ફુટનાં રસ્તાનાં જંકશન પર ૩૨૫૦ ચો.મી. જમીનમાં ડ્રીમ સીટી લીમીટેડનાં સ્ટાફ તથા બોર્ડ મેમ્બર માટેની Exclusive કોર્પોરેટ ઓફિસ બિલ્ડીંગનું આયોજન
- ગ્રીન બિલ્ડીંગના માપદંડ પર આધારીત
- કુલ :૧૨૭૭૫ ચો.મી. બાંધકામ વિસ્તાર
- બે બેઝમેન્ટ સહિત ગ્રા.ફલોર + ૬ માળનું આયોજન
- બે લેવલ બેઝમેન્ટમાં ૮૫ કાર, ૨૦૦ બાઈકનાં પાર્કીંગનો સમાવેશ તથા ગ્રાઉન્ડ લેવલે ૧૦ VIP કાર પાર્કીંગનું આયોજન
- અંદાજીત કિંમત રૂા.૨૭.૭૫ કરોડ
- એકસકલુઝીવ એન્ટ્રી સહિત ડબલ હાઈટ ફોયર તથા લોન્જ
- ૧૩૦ વ્યકિતઓનો સમાવેશ થાય તેવું ઓડીટોરીયમ
- ૬ઠ્ઠા માળે બોર્ડ મેમ્બર માટેની ઓફિસો, બોર્ડ રૂમ, લોન્જ સહિતનું આયોજન
- રેસ્ટોરન્ટ તથા કેન્ટીન માટેનું આયોજન
- બેંકની શાખા તેમજ ATM નું પણ આયોજન



DREAM CITY OFFICE BUILDING    3D VIEW : SOUTH-NORTH FACADE

જનસંપર્ક વિભાગ
તા.૨૫/૦૨/૨૦૨૦
સુરત મહાનગર સેવા સદન
તરફથી સાદર સમાચાર યાદી
નં. ૭૫૩

તા.૨૫/૦૨/૨૦૨૦

# પ્રેસનોટ
## નોર્થઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૯–૨૦ દરમ્યાન હાલમાં રીકવરીની ઝુંબેશ ચાલુ હોય જે અંગે તા.૨૫/૦૨/૨૦૨૦ ના રોજ મિલ્કતોમાં રીકવરી કરતા પટેલ ઈન્ડ.–ફટાકડાવાડી–વેડરોડ, પટેલ ગોવિંદ–ફટાકડાવાડી–વેડરોડ, સંઘવી–વેડરોડ તથા રીલાયન્સ નગર–કોસાડ રોડ, કોસાડ આવાસ વિગેરે વિસ્તારમાં કુલ–૪૭ મિલ્કતોને સીલ કરવામાં આવતા રૂા.૧૬,૯૨,૧૧૬/– ની વસુલાત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવાસદન તરફથી સાદર

સમાચાર યાદી નં.૭૫૪

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા પાંડેસરા ઔદ્યોગિક એકમોને પીવાલાયક તેમજ ટર્શરી ટ્રીટેડ મિશ્રિત પાણી પુરુ પાડવામાં આવે છે. ઔદ્યોગિક એકમોને પુરુ પાડવામાં આવતા ટર્શરી ટ્રીટેડ પાણીના ભાવ તફાવતના નાણાં અંદાજિત રૂા.૧૫ કરોડના બીલ તેમને આપવામાં આવેલ હતા. સદર નાણાં ચૂકવણી બાબતે ઔદ્યોગિક એકમો તરફથી વિસંગતતા ઉભી થતા સદર નાણાંની ચૂકવણી કરતા ન હતા. તા.૦૪/૦૨/૨૦૨૦ ના રોજ મે.કમિશનરશ્રીની અધ્યક્ષતામાં સુરત મહાનગરપાલિકા અધિકારીગણ અને પાંડેસરા ગ્રીન એન્વાયરોમેન્ટ એન્ડ વોટર વેલ્ફેર કો–ઓ.સોસા.લી., ના હોદ્દેદારો સાથે થયેલ મીટીંગમાં ચર્ચા થયા મુજબ ઔદ્યોગિક એકમો ૨૫ % નાણાં જમા કરાવવાનું નકકી થયેલ હતું. જે અનુસંધાને તેઓ તરફથી તા.૨૫/૦૨/૨૦૨૦ ના રોજ રૂા.૩.૮૪ કરોડના નાણાંના ચેક મે.કમિશનરશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે. તેમજ બાકી રહેતા નાણાં ટૂંક સમયમાં સુરત મહાનગરપાલિકામાં જમા કરાવવાનું મે.કમિશનરશ્રીને ખાત્રી આપેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૭૫૫
તા.૨૬-૦૨-૨૦૨૦

ઈ.ચા.સીટી ઈજનેર
સુરત મહાનગરપાલિકા

**તા. ૨૬/૦૨/૨૦૨૦**

# <u>પ્રેસ નોટ</u>

મ્યુનિ. કમિશનરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ  વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત આજ રોજ **તા.૨૬/૦૨/૨૦૨૦**ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારીડ, ભેદવાડ  વિગેરે  જુદા જુદા વિસ્તારોમાં  કુલ્લે **<u>૩૩</u>** મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમજ સોનારી – રઝા નગરમાં  **<u>૦૫</u>** મિલકતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે કાર્યવાહી દરમ્યાન **<u>૧૭</u>** જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા **<u>૦૩.૦૮</u>** લાખ તથા  એડવાન્સ ચેક જમા કરાવેલ છે.  અને આજ રોજ રૂપિયા **<u>૪૫.૦૩</u>** લાખ જેટલી વસુલાત થયેલ છે.

વધુમાં, જમીન મિલકત વિભાગ ધ્વારા **<u>૩૭</u>** જેટલા  આવાસ સીલ કરવાની કાર્યવાહી દરમ્યાન  **<u>૩૭</u>** જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા **<u>૦૨.૩૯</u>** લાખ તથા  એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા **<u>૫.૩૧</u>** લાખ જેટલી વસુલાત થયેલ છે.

સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં આજ દિન સુધી રૂપિયા **<u>૧૯૫.૨૮</u>** કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા

સમાચાર યાદી નં......

તા.૨૬/૦૨/૨૦૨૦

## —:: પ્રેસનોટ ::—

સુરત શહેરમાં આગ અકસ્માતનાં બનાવમાં કમા આવે તે અર્થે ફાયર અને ઇમરજન્સી વિભાગ ધ્વારા નીચે મુજબનાં વિવિધ કામગીરીઓ કરવામાં આવેલ.

**૧ સુરત ફાયર વિભાગની ટીમ ધ્વારા આગ અકસમાત અને બચાવની કરેલ કામગીરીની વિગત**

- તા.૨૬/૦૨/૨૦૨૦ નાં રોજ સવારે ૦૫–૦૫ મીનીટે ઉધના મગદલ્લા રોડ, નવજીવન સર્કલની પાસે, ડમ્પર એક સ્પેરપાર્ટસની બંધ દુકાન ઘુસી જતા એક વ્યકિત નામ જાણવા નથી. જે ફસાયેલ જેને ફાયર વિભાગ ની ટીમ ધ્વારા સહીસલામત બહાર કાઢી ૧૦૮માં રવાના કરેલ. જે કોલમાં માનદરવાજા ફાયર સ્ટેશન , નવસારી બજાર ફાયર સ્ટેશન અને મજુરા ફાયર સ્ટેશન ખાતેથી બે ઈમરજન્સી રેસ્કયુ વ્હીકલ અને એક ફાયર એન્જીન લઈ જઈ બચાવ કામગીરી કરેલ. જે સમગ્ર કામગીરી પુર્ણ કરી સવારે ૫–૪૧ મીનીટે પરત ગાડીઓ. આવેલ.
- તા.૨૬/૦૨/૨૦૨૦ નાં રોજ સવારે ૦૫–૩૦ મીનીટે ચોક બજાર ચારાગલી, સીએનજી પંપની બાજુમાં, ગ્રાઉન્ડ ફલોર પ્લસ ૦૩ માળનાં મકાનમાં આગ લાગેલ જેમાં ગ્રાઉન્ડ ફલોર ખાતે આવેલ હોટ એન્ડ સ્પાઈશ ફાસ્ટ ફુડની દુકાનમાં શોર્ટ સર્કીટનાં કારણે આગ લાગેલ જેમાં ત્રીજો માળ, આગ ની લપેટમાં આવેલ જે તમામ મકાન જુના લાકડાનાં હતા જે ઘરવખરીનો સામાન ફર્નિચર વાઈરીંગ બારી બારણા વિગેરે બળી ગયેલ જે કોલમાં મુગલીસરા ફાયર સ્ટેશન , નવસારી બજાર ફાયર સ્ટેશન અને ઘાંચીશેરી ફાયર સ્ટેશન ખાતેથી ફાયર એન્જીન વોટર ટેંકર અને માને વાહન ઘટના સ્થળે ગયેલ અને ફાયર વિભાગની ટીમની સઘન મહેનતનાં કારણે ખુબજ ટુકાગાળામાં આગને કાબુમાં લીધે. જે સમગ્ર કામગીરી પુર્ણ કરી સવારે ૭–૦૭ મીનીટે પરત ગાડીઓ આવેલ.
- તા.૨૬/૦૨/૨૦૨૦ નાં રોજ સવારે ૦૭–૪૬ મીનીટે ઓસીયો સર્કલ અને કોમલ સર્કલની વચ્ચે લાલ વવાલા કમ્પાઉન્ડની વચ્ચે ખાતાનં. ૭૦ અમન સોસા. પાસે બમરોલી ખાતે જરીનાં કારખાનામાં આગ લાગેલ. જેમાં કાર્ટીગ રોલ, અને ઓફીસનો સામાન બળી ગયેલ ઘટનાં સ્થળે એક વ્યકિત નામે બાબુલાલભાઈ ઉ.આ.વ.૧૮ને સામાન્ય ઈજા થયેલ જેને ફાયર વિભાગના કર્મચારીઓએ જીવ જોખમે વ્યકિતને બચાવી બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત રવાના કરેલ. મજુરા ફાયર સ્ટેશન ખાતેથી ફાયર એન્જીન ,વોટર ટેંકર અને વોટર બાઉજર ઘટનાં સ્થળે ગયેલ જયારે માનદરવાજા ફાયર સ્ટેશન ખાતેથી ફાયર એન્જીન ,માન વોટર ટેંકર ગયેલ જયારે ભેસ્તાન,ડુંભાલ અને નવસસારી બજાર ફાયર સ્ટેશન ખાતેથી વોટર બાઉઝર અને ફાયર વિભાગની ટીમની સઘન મહેનતનાં કારણે ખુબજ ટુકાગાળામાં આગને કાબુમાં લીધે. જે સમગ્ર કામગીરી ૦૨–૩૦ કલાકની કામગીરી પુર્ણ કરી સવારે ૧૦–૦૬ મીનીટે પરત ગાડીઓ આવેલ.
- તા.૨૬/૦૨/૨૦૨૦ નાં રોજ સવારે ૦૯–૧૫ મીનીટે નાણાવટ લખપતિ હોસ્પિટલ ખાતે ૦૩ વ્યકિતઓ નામે (૧) હર્ષદ મીરઝા, ઉ.વ.૪૭ (૨) કિરણ જોગડીયા ઉ.વ. ૩૦ (૩) કોશલ પટેલ ઉ.વ.૨૭) લીફટમાં ફસાયેલ જેને મુગલીસરા ફાયર સ્ટેશનની ટીમે ઘટનાં સથળે પહોચીને સહી સલામત બહાર કાઢેલ જેમાં મુગલીસરા ફાયર સ્ટેશાન ખાતેથી કયુઆરટી વાહન ગયેલજે સમગ્ર કામગીરી ૦૦–૩૦ મીનીટમાં બચાવ કામગીરી પુર્ણ કરી સવારે ૦૯–૨૭ મીનીટે પરત ગાડીઓ આવેલ.
- તા.૨૬/૦૨/૨૦૨૦ નાં રોજ સવારે ૧૦–૨૮ મીનીટે વરાછા હિરાબાગની અંદર વિશાલ નગર શાક માર્કેટ, ભકિતનગર વિભાગ–૦૧ પાસે ઘર નં. ૩૨ જે ગ્રાઉન્ડ પ્લસ બે માળની મિલકત હતી જેમાં શોર્ટ સર્કીટથી આગ લાગતા કાપોદ્રા અને કતારગામ ફાયરની ટીમ અને વાહનોએ આગ બુઝાવી નુકશાનીને ટાળેલ. અને સવારે ૧૧.૪૯ મીનીટે ગાડીઓ પરત આવેલ.
- તા.૨૬/૦૨/૨૦૨૦ નાં રોજ સવારે ૧૨–૨૧ મીનીટે રાંદેર હનુમાન ટેકરીની આગળ પાંચ પીપળી મહોલ્લો સિધ્ધેશ્વર મહાદેવ મંદિર ઓવારો ખાતે અજાણ્યા પુરૂષ જેની અંદાજીત ઉમર ૪૫ થી ૫૦ વર્ષ હતી જેની લાશ નીકળેલ જે પોલીસનાં માણસો ને મોરાભાગળ ફાયર સ્ટેશનની ટીમે કબ્જો સોપી પરત થયેલ.
- તા.૨૬/૦૨/૨૦૨૦ નાં રોજ સવારે ૦૫–૧૪ મીનીટે નાણાવટ રામજીની પોળ, ૧૧/૩૮૬ ઘર ખાતે મકાનમાં ધુજારી નો કોલ મળતા મુગલીસરા ફાયર સ્ટેશન ખાતેથી વાહનો રવાના કરેલ. જે બંધ મકાન બીલ્ડીગ ઇન્સ્પેકટરને જાણ કરી ટીમ પરત આવેલ.
- **૨. સુરત ફાયર વિભાગની ટીમ ધ્વારા વિવિધ ઝોનાં શહેર વિકાસ વિભાગનાં અધિકારી સાથે સંકલન કરી નીચે મુજબની ઈમારતો માં ફાયર ફાઈટીગ હેતુથી સલામત છે કે કેમ ? તેની ચકાસણી / સર્વે કરેલ અને જયા ફસાડ હતા જેવી ઈમારતોને નોટીશ આપેલ.**

- (ક) સેન્ટ્રલ ઝોન ખાતે આવેલ ૦૫ કોર્મશીયલ ઈમારતમાં ચેક/સર્વે કરવામાં આવેલ.

<u>ઉપરોકત કામગીરી જાહેર સલામતીને ધ્યાને લઈને કરવામાં આવેલ છે.</u>

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૭૫૭.......
તા.૨૬/૦૨/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

## અખબારી યાદી

### સરકારશ્રીની નેશનલ અર્બન લાઈવલીહુડ યોજના હેઠળ – શહેર વિસ્તારમાં નવી વેન્ડીંગ માર્કેટો બનાવવાના રૂા.૭૬.૦૦ કરોડથી વધુના આયોજનોની વિગત.

સુરત શહેર વિસ્તારમાં શહેરી ફેરીયાઓ અસંગઠીત રીતે શહેરના આઠ ઝોનના મુખ્ય માર્ગો તથા અન્ય માર્ગો પર દબાણ કરી આજીવિકા મેળવે છે. જેના કારણે શહેરમાં ટ્રાફીકની સમસ્યા રહે છે. શહેર વિસ્તારના તમામ ઝોનમાં શહેરના નાગરીકોની સુવિધા માટે વેજીટેબલ/વેન્ડીંગ માર્કેટો બનાવવામાં આવેલ છે. જે હાલની જરૂરીયાત મુજબ અપૂરતા હોય, કેન્દ્ર સરકારશ્રીની દિન દયાલ અંત્યોદય યોજના – નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન (DAY-NULM) યોજનાના સપોર્ટ ટુ અર્બન સ્ટ્રીટ વેન્ડર્સ (SUSV) ઘટક અંતગર્ત સુરત શહેરમાં હયાત જુના વેન્ડીંગ માર્કેટોમાં નવીનીકરણ કરવા તેમજ શહેરમાં જયાં આયોજનબધ્ધ વેન્ડીંગ માર્કેટોનો અભાવ છે તેવા સ્થળોનો અભ્યાસ કરી જે માર્ગો ઉપર અસંગઠિત વેન્ડીંગ માર્કેટોના અનધિકૃત દબાણો છે તેવા સ્થળોનો સર્વે કરી શહેરના તમામ ઝોનમાં નવા વેન્ડીંગ ઝોન નકકી કરી વધુ નવા વેન્ડીંગ માર્કેટો બનાવવાના આયોજનો હાથ ધરવામાં આવેલા છે. હાલ પર્યંત આ રીતે શહેરમાં અંદાજે રૂા.૭૬.૦૦ કરોડથી વધુ કિંમતના ૨૭ સ્થળોએ વેન્ડીંગ માર્કેટો બનાવવા આયોજન તૈયાર કરી સરકારશ્રીમાં આ યોજના હેઠળ ગ્રાન્ટ મેળવવા ડી.પી.આર. રજુ કરવાની કાર્યવાહી નીચે મુજબ કરી છે.


| અનુ. નં. | સંખ્યા | યુનિટ | અંદાજીત રકમ | આયોજનની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૦૧ | ૪૨૬ | ૯.૦૪ કરોડ | અલથાણ વેન્ડીંગ માર્કેટ– સરકારશ્રીમાં ડી.પી.આર. મંજુર –ટેન્ડરો મંગાવેલ છે. |
| ૨ | ૦૯ | ૯૧૦ | ૨૪.૩૦ કરોડ | રાંદેર ઝોન–૦૪, નોર્થ ઝોન–૦૩, લિંબાયત ઝોન–૦૨ જેના ડી.પી.આર. તૈયાર કરેલ હોય, સરકારશ્રીમાં દિન–૦૧માં રજુ થનાર છે. |
| ૩ | ૧૪ | ૧૫૫૦ | ૨૬.૦૦ કરોડ | અંદાજો મંજુરી હેઠળ છે તથા નજીકના દિવસોમ સરકારશ્રીમાં ડી.પી.આર. રજુ થનાર છે. |
| ૪ | ૦૩ | ૪૫૩ | ૧૭.૫૮ કરોડ | સેન્ટ્રલ ઝોનના કોટ વિસ્તારમાં વર્ષોજુના ૦૩ માર્કેટોના નવીનીકરણના પ્લાનીંગ તથા અંદાજન કામગીરી ચાલુ છે. |
| કુલ | ૨૭ | ૩૩૩૯ | ૭૬.૯૨ કરોડ | આયો જન હેઠળ |

જે પૈકી હાલમાંજ અઠવા ઝોન ખાતે–અલથાણ વિસ્તારમાં રૂા.૯.૦૦ કરોડનાં ખર્ચનાં આધુનિક વેન્ડીંગ માર્કેટ બનાવવાનાં આયોજનને સરકારશ્રીમાં સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે અને જેની ગ્રાન્ટ નજીકના ભવિષ્યમાં ઉપલબ્ધ થનાર છે. આ રીતે શહેર વિસ્તારમાં રાંદેર ઝોનમાં–૦૪, કતારગામ ઝોનમાં–૦૩ અને લિંબાયત ઝોનમાં–૦૨ સ્થળોએ મળી કુલ રૂા.૨૪.૩૦ કરોડના ખર્ચના આયોજનના ડી.પી.આર. તૈયાર કરેલા હોય, જેની ગ્રાન્ટ પણ નજીકનાં ભવિષ્યમાં ઉપલબ્ધ થનાર છે. વધુમાં, શહેર વિસ્તારમાં અન્ય ૧૪ (ચૌદ) સ્થળોએ વેન્ડીંગ માર્કેટોના લોકેશનો નકકી કરી કુલ

રૂા.૨૬.૦૦ કરોડના ખર્ચના અંદાજો મંજુરીની કાર્યવાહીમાં હોય, જેની સક્ષમ સત્તાની મંજુરી મેળવી કુલ્લે રૂા.૭૬.૯૨ કરોડના આયોજનો હાથ ધરવામાં આવનાર છે.

તે સિવાય શહેરમાં સેન્ટ્રલ ઝોનના કોટ વિસ્તારમાં ભાગળ, સૈયદપુરા તથા નવસારી બજાર વિસ્તારના જુના હયાત વેજીટેબલ તથા મટન માર્કેટો સહિતના માર્કેટોને નવીનીકરણ કરવાના આયોજનોના પ્લાનીંગ તથા અંદાજો તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

સદરહું નવીનીકરણ થનાર તથા નવા બનનાર તમામ વેન્ડીંગ માર્કેટોમાં પ્રાથમિક સુવિધાઓ જેવી કે સી.સી. રોડ, પાણી પુરવઠા, ડ્રેનેજ, સ્ટોમ ડ્રેનેજ, શૌચાલય, રીચાર્જ બોરવેલ તેમજ પાર્કિંગની સુવિધાઓ સહિત બનાવવામાં આવનાર છે. સદર માર્કેટોમાં અગ્નિ શમન સાધનો, સોલાર પેનલ, ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર તેમજ સલામતીને ધ્યાને લઈ CCTV કેમેરા પણ રાખવામાં આવશે.







---

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા, સમાચાર યાદી નં.૭૫૮, તા.૨૬/૦૨/૨૦૨૦

# :: પ્રેસનોટ ::

## :: શ્રી મોરારજીભાઈ દેસાઈ જન્મજયંતિ ઉજવણી ::

વિષય :– ભારત દેશના પૂર્વ વડાપ્રધાનશ્રી મોરારજીભાઈ દેસાઈની જન્મજયંતિ નિમિત્તે ડુમસ–ચોપાટી ખાતે શ્રી મોરારજીભાઈ દેસાઈ પ્રતિમાને સુતરાંજલી સહ વંદના કાર્યક્રમ બાબત.

દક્ષિણ ગુજરાતના સપૂત વીર સ્વાતંત્ર્ય સેનાની અને ભારત રત્ન એવા દેશના પૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈની જન્મજયંતિ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૨/૨૦૨૦ને શનિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ડુમસ–ચોપાટી, ડુમસ, સુરત ખાતે આવેલ શ્રી મોરારજીભાઈ દેસાઈ પ્રતિમાને સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જુના મુંબઈ રાજયના મુખ્યપ્રધાન અને ત્યારબાદ દેશના વડાપ્રધાન બનેલા એવા ગાંધીવાદી વિચાર ધારાના પથદર્શી, નૈતિક મૂલ્યોને વરેલા, તંદુરસ્ત, સિદ્ધાંતવાદી તેમજ પ્રેરણાદાયી એવા શ્રી મોરારજીભાઈ દેસાઈને સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમમાં સહભાગી થવા ડુમસ–ચોપાટી ખાતે સમયસર ઉપસ્થિત રહેવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચારયાદી નં.૭૫૯, તા.૨૭/૦૨/૨૦૨૦, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# –:: <u>પ્રેસનોટ</u> ::–

તા.૨૭.૦૨.૨૦૨૦ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય ખાતા ધ્વારા "તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩" મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં આવેલ કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| **સેન્ટ્રલ** | ૩૭ | ૧૯ | ૧૯ | ૧૯ | ૩૮૦૦ |
| **વરાછા (એ)** | ૧૭૮ | ૧૭૮ | ૩૮ | ૩૮ | ૭૬૦૦ |
| **વરાછા (બી)** | ૩૯ | ૨૨ | ૧૬ | ૧૬ | ૩૨૦૦ |
| **રાંદેર** | ૬૧ | ૪૬ | ૨૪ | ૧૭ | ૩૪૦૦ |
| **કતારગામ** | ૭૮ | ૫૬ | ૩૪ | ૨૧ | ૪૨૦૦ |
| **ઉધના** | ૧૪૮ | ૪૧ | ૧૬ | ૧૬ | ૩૨૦૦ |
| **લિંબાયત** | ૩૫ | ૫૪ | ૧૮ | ૧૮ | ૩૬૦૦ |
| **અઠવા** | ૯૨ | ૪૧ | ૧૨ | ૧૨ | ૨૪૦૦ |
| **કુલ** | ૬૬૮ | ૪૫૭ | ૧૭૭ | ૧૫૭ | ૩૧૪૦૦ |

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસ નોટ

## ઈલેકટ્રીક બસના ઓપરેશન માટે કેન્દ્ર સરકારશ્રીના DHI (ડિપાર્ટમેન્ટ ઓફ હેવી ઈન્ડસ્ટ્રીઝ) થી મળતી ગ્રાન્ટ બાબત

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહનના કારણે થતા હવાના પ્રદૂષણને નિયંત્રણ કરવા માટે આવનાર સમયમાં બી.આર.ટી.એસ. રૂટમાં ૧૫૦ નંગ ઈલેકટ્રીક બસ દોડાવવાનું આયોજન કરવામાં આવેલ છે. ઈલેકટ્રીક બસના કારણે પ્રદૂષણનો ઘટાડો થશે તથા વાતાવરણમાં ભળતો કાર્બનમોનોક્સાઈડ અને ગ્રીન હાઉસ ગેસ (GHG) ની માત્રા ઘટતા વાતાવરણ વધુ શુધ્ધ બનશે. ઈલેકટ્રીક બસમાં એન્જીન ન હોવાને કારણે ઈલેકટ્રીક બસમાં ઘોંઘાટ ઓછો થશે જેથી અવાજના પ્રદૂષણમાં પણ ઘટાડો થશે.

ઈલેકટ્રીક બસને તબકકાવાર શહેરની પરિવહન સીસ્ટમમાં ઉમેરો કરી શહેરને પ્રદૂષણ મુક્ત તેમજ સોલાર ચાર્જીંગ સ્ટેશનના આયોજન શકય બનાવી ગ્રીન મોબીલીટી તરફ શહેરને અગ્રેસર કરવામાં આવશે. કેન્દ્ર સરકારનાં ડીપાર્ટમેન્ટ ઓફ હેવી ઈન્ડસ્ટ્રીઝની FAME-II સ્કીમ સબસીડી માટે સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રપોઝલ મોકલવામાં આવેલ હતી. જે કેન્દ્ર સરકારનાં ડીપાર્ટમેન્ટ ઓફ હેવી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા માન્ય રાખી ૧૫૦ નંગ ઈલેકટ્રીક બસની સબસીડી સુરત માટે ફાળવવામાં આવી હતી. એક બસનાં ૪૫ લાખ લેખે ૧૫૦ નંગ ઈલેકટ્રીક બસ માટે કુલ્લે રૂ.૬૭.૫૦ કરોડની સબસીડી મળવાપાત્ર છે. જે પૈકી FAME-II સ્કીમનાં નિતિ નિયમો મુજબ પ્રથમ તબકકામાં ૨૦% લેખે રૂ.૧૩.૫૦ કરોડની સબસીડી રીલીઝ કરવામાં આવેલ છે. જેની જાણ DHI દ્વારા સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૭૬૧**
**તા.૨૫/૦૨/૨૦૨૦**

# Details as On: 27/02/2020

## Zone Wise Receipt Recovery (PROPERTY TAX)

Note : Amount in Thousand

| Zone Name | Property Count | 2018-19 | | 2019-20 | | |
|---|---|---|---|---|---|---|
| | | Demand 2018-19 AsOn | Receipt 2018-19 AsOn | Demand 2019-20 | Receipt Upto ToDay | % (CurrYear) |
| West Zone | 2,03,870 | 10,78,508 | 9,16,191 | 12,18,096 | 9,49,373 | 77.94 |
| Central Zone (A) | 95,632 | 9,53,147 | 5,04,163 | 10,28,356 | 5,04,409 | 49.05 |
| Central Zone (B) | 1,00,345 | 10,00,363 | 6,05,795 | 10,39,007 | 5,93,109 | 57.08 |
| North Zone | 2,86,728 | 16,12,138 | 12,82,395 | 16,97,879 | 13,38,370 | 78.83 |
| East Zone | 2,45,515 | 14,40,911 | 11,81,534 | 16,75,038 | 13,44,461 | 80.26 |
| South Zone | 3,54,575 | 26,15,160 | 18,93,741 | 28,48,766 | 19,56,916 | 68.69 |
| Athwa Zone | 1,85,445 | 14,84,122 | 12,41,996 | 16,61,027 | 13,40,666 | 80.71 |
| South East Zone | 3,22,823 | 16,84,717 | 13,83,755 | 18,52,322 | 15,02,078 | 81.09 |
| East Zone B | 1,59,168 | 5,13,835 | 4,33,368 | 8,30,798 | 6,09,612 | 73.38 |
| **Over All** | **19,54,101** | **1,23,82,900** | **94,42,943** | **1,38,51,288** | **1,01,38,997** | **73.20** |

**નોંધ:**

– સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૮–૧૯ માં રૂા. ૧૨૩૪ કરોડની ડીમાન્ડ સામે વર્ષના અંતે તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં રૂા. ૧૦૧૩.૩૭ કરોડની વસુલાત કરવામાં આવેલ હતી.

– વર્ષ ૨૦૧૯–૨૦ માં રૂા. ૧૩૮૫ કરોડની ડીમાન્ડ સામે આજ રોજ તા. ૨૭/૦૨/૨૦૨૦ સુધીમાં જ રૂા. ૧૦૧૩.૯૦ કરોડની વસુલાત કરવામાં આવેલ છે. એટલે કે ગત વર્ષની તા. ૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં થયેલ વસુલાત જેટલી રકમ આજ રોજ વસુલાત કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૯–૨૦ પુર્ણ થવામાં હજુ ૧ માસનો સમય બાકી હોય વધુમાં વધુ રીકવરી કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

તા. ૨૭/૦૨/૨૦૨૦

## પ્રેસ નોટ

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત આજ રોજ **તા.૨૭/૦૨/૨૦૨૦**ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારીડ, ભેદવાડ વિગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલ્લે **૨૫** મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમજ ઉધના– આશા નગર–૨માં **૦૬** મિલકતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે કાર્યવાહી દરમ્યાન **૦૯** જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા **૦૧.૭૩** લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા **૩૬.૯૦** લાખ જેટલી વસુલાત થયેલ છે.

વધુમાં, જમીન મિલકત વિભાગ ધ્વારા **૩૭** જેટલા આવાસ સીલ કરવાની કાર્યવાહી દરમ્યાન **૩૭** જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા **૦૨.૪૧** લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા **૫.૫૮** લાખ જેટલી વસુલાત થયેલ છે.

સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં આજ દિન સુધી રૂપિયા **૧૯૫.૬૯** કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા

बहुजनहिताय बहुजनसुखाय

સમાચાર યાદી નં.....૭૬૩

તા.૨૭/૦૨/૨૦૨૦

## —:: પ્રેસનોટ ::—

સુરત શહેરમાં આગ અકસ્માતનાં બનાવમાં કમી આવે તે અર્થે ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા નીચે મુજબનાં વિવિધ કામગીરીઓ કરવામાં આવેલ.

**૧ સુરત ફાયર વિભાગની ટીમ ધ્વારા આગ અકસ્માતમાં કરેલ ફાયર ફાઈટીગ કામગીરીની વિગત**

- તા.૨૭/૦૨/૨૦૨૦ નાં રોજ સવારે ૧૧–૨૧ મીનીટે પાંડેસરા, જીઆઈડીસી , તાસ્કદ ઓઈલની સામે પ્લોટ નં.૨૭૪/૩/૧ ખાતે આવેલ એસીટોકેમ પ્રા.લી. ખાતે એસીટોકેમ પ્રા.લી. નાં મેનેજમેન્ટ ધ્વારા જણાવેલ કે,પાવર સ્પલાય જતા વૈકલ્પિક સ્પલાય ચાલુ કરતા અચાનક પાવર આવી જતા પાવર લોડ વધી જતા પ્લાસટીકની લાઈનો પકડાઈ જતા આગ લાગેલ જે સ્થળે નાઈટ્રોસીલ સલ્ફયુરીક એસિડનાં યુનિટ ઓફીસમાં આગ લાગેલ આ યુનિટ ખાતે સલ્ફયુરીક એસિડ ૯૮%, નાઈટ્રીક એસિડ ૯૮% અને સ્પેન સલ્ફયુરીક એસિડ ૪૦% નો ૨૦ ટન જથ્થો હતો આગ લાગવાનાં કારણે કામ કરનાર કર્મચારીઓ બહાર ભાગતી વખતે શ્રી રાજભાઈ કે. પાસવાન ઉ.વ.આ.૪૦ હાથ અને ગળાનાં ભાગે ૩૫ % થી ૪૦ % દાઝી જતા ગીરીશગ્રુપ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે પાઠવવામાં આવેલ જયારે અન્ય એક વ્યકિત શ્રી અમલસિંગ નિસાર ઉ.વ.આ.૨૧ આગ દરમ્યાન ઓફીસનાં ઉપરથી કુદકો મારતા નીચે પડી જતા પગમાં ફ્રેકચર થતા તાકીદે હોસ્પિટલ ખાતે વધુ સારવાર અર્થે લઈ ગયેલ.
- ફાયરની ટીમે જાનનાં જોખમે આગ ઉપર ફોમનો વપરાશ કરીને આગ ઉપર કાબુ મેળવેલ અને પાણીનો મારો કરીને ગેસને ડાઈલુટ કરેલ. આ મુજબની કામગીરી કરીને આગને કાબુમાં લઈ, (એચએનઓ૩ (૯૮%) નો જથ્થો ૧૧૫૦૦ કે.જી., (એચએનઓ૩ (૭૨%) નો જથ્થો ૧૦૦૦૦ કે.જી., એન.એસએ– ૧૯૫૦૦ કે.જી., એચટુએસઓ૪ (૯૮%) ૧૧૦૦૦ કે.જી. નો અલગ જથ્થો હતો જેને બચાવી લીધેલ. વધુમાં એસીટોકેમ પ્રા.લી.નાં મેનેજમેન્ટ ધ્વારા ફાયર વિભાગ ધ્વારા અન્ય વ્યકિતઓ ફસાયેલ છે કે કેમ તેની વિગતો પુછતા સદર મેનેજમેન્ટ ધ્વારા સાચી માહીતી રજુ નહી કરેલ જેથી શોધખોળ કરતા એક વ્યકિત જેની બળી ગયેલ ડેડબોડી મળતા(જેનું નામ જાણવા મળેલ નથી) તાકીદે પાંડેસરા પોલીસની ટીમને જાણ કરી ડેડબોડીનો કબ્જો સોપેલ.
- સદર ઘટનાં સ્થળે આગ લાગવાનો કોલ મળતા ભેસ્તાન ફાયર સ્ટેશન,માનદરવાજા ફાયર સ્ટેશન, મજુરા ફાયર સ્ટેશન,ડુંભાલ ફાયર સ્ટેશન, કતારગામ ફાયર સ્ટેશન, વેશુ ફાયર સ્ટેશન,અડાજણ ફાયર સ્ટેશન , કાપોદ્રા ફાયર સ્ટેશન, નવસારી બજાર ફાયર સ્ટેશન, ઘાંચીશેરી ફાયર સ્ટેશન, ડીંડોલી ફાયર સ્ટેશન કોસાડ ફાયર સ્ટેશન અને પાલનપુર ફાયર સ્ટેશન ખાતેથી ફાયર એન્જીન, વોટર ટેંકર, બુમ બાઉઝર, માન બાઉઝર , કયુઆર. અને ફોર્મ નર્સર, જેવા કુલ –૨૬ ફાયર ફાઈટીગ વાહનો સતત ૫–૦૦ કલાકની ફાયર ફાઈટીગની કામગીરી પુર્ણ કરી બપોરે ૦૪–૨૫ મીનીટે પરત ગાડીઓ આવેલ.

**૨. સુરત ફાયર વિભાગની ટીમ ધ્વારા વિવિધ ઝોનાં શહેર વિકાસ વિભાગનાં અધિકારી સાથે સંકલન કરી નીચે મુજબની ઈમારતો માં ફાયર ફાઈટીગ હેતુથી સલામત છે કે કેમ ? તેની ચકાસણી / સર્વે કરેલ અને જયા ફસાડ હતા જેવી ઈમારતોને નોટીશ આપેલ.**

(ક) **વરાછા ઝોન બી** ખાતે આવેલ ૦૮ ફસાડની ખામી જણાયેલ ઈમારતને નોટીશ આપવામાં આવેલ છે

(ખ) **સેન્ટ્રલ ઝોન** ખાતે આવેલ ૧૦ કોર્મશીયલ ઈમારતમાં ચેક/સર્વે કરવામાં આવેલ.

**ઉપરોકત કામગીરી જાહેર સલામતીને ધ્યાને લઈને કરવામાં આવેલ છે.**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં..................
તા.૨૭/૦૨/૨૦૨૦

:: પ્રેસનોટ ::

## "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા"

વિષય : "પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્ર જહાંગીરપુરા, સુરત" પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા" બાબત.

"પૂજ્ય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્ર જહાંગીરપુરા, સુરત પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર દોડ સ્પર્ધા" તા.૦૧/૦૩/૨૦૨૦ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે તથા "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા" સવારે ૮.૦૦ કલાકે વી.આર.મોલની સામે, વાય જંકશન પાસેથી શરૂ કરી રઘુવીર બિઝનેસ પાર્ક થઈ ડી.એમ.ડી પાર્ટી પ્લોટ, સુરત–ડુમ્મસ રોડ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. સાયકલ–દોડ સ્પર્ધામાં ભાગ લેવા રજીસ્ટ્રેશન કરાવેલ તમામ સ્પર્ધકોએ સવારે ૬.૩૦ કલાકે હાજરી પુરાવી બેચ મેળવી લેવાના રહેશે.

તા.૦૧/૦૩/૨૦૨૦ના રોજ સવારે યોજાનાર દોડ સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓની દોડ સ્પર્ધાનું અંતર ૨ કિ.મી., ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓની દોડનું અંતર ૪ કિ.મી. જ્યારે ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીનીઓની દોડ સ્પર્ધાનું અંતર ૧ કિ.મી. અને ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીનીઓની દોડનું અંતર ૩ કિ.મી.નું રહેશે. જ્યારે સાયકલ સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૬ કિ.મી., ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૧૦ કિ.મી. જ્યારે ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીનીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૪ કિ.મી. અને ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીનીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૮ કિ.મી.નું રહેશે. સાયકલ–દોડ સ્પર્ધા પૂર્ણ થયા બાદ વિજેતાઓને રોકડ પુરસ્કાર, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવશે.

તા.૦૧/૦૩/૨૦૨૦ને રવિવારના રોજ સવારે ૬.૩૦ થી ૮.૩૦ કલાક દરમ્યાન સુરત–ડુમસ રોડ સેન્ટ્રલ મોલથી વાય જંકશન થઈ જોલી પ્લાઝા સુધી જતા વાહનોએ સર્વિસ રોડનો જ ઉપયોગ કરવાનો રહેશે અને ઉધના–મગદલ્લા રોડ પર જોલી પ્લાઝાથી વાય જંકશન થઈ ડુમસ તરફ જતા વાહનોએ પણ સર્વિસ રોડનો જ ઉપયોગ કરવાનો રહેશે. સપર્ધકો અને વાલીઓએ તેમના વાહનો પીપલોદથી વાય જંકશનના સર્વિસ રોડ ઉપર તથા વાય જંકશનથી ડુમસ જતા સર્વિસ રોડ પર પાર્ક કરવાના રહેશે.

સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ તથા પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાનાર સાયકલ–દોડ સ્પર્ધાઓના પ્રસ્થાન અને ઈનામ વિતરણ સમારોહમાં ઉપસ્થિત રહી સ્પર્ધક બાળકોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

સમાચારયાદી નં. ૧૬૫ , તા.૨૮/૦૨/૨૦૨૦, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# :: પ્રેસનોટ ::

ભારતીય નાગરીકો/રહીશોને આધાર સેવાની સુશાસિત અને સારી સેવા/ સુવિધા મળી રહે તે હેતુથી ભારત સરકારની (UIDAI - Western Regional Office Mumbai) દ્વારા તેમના નેતૃત્વ હેઠળ પ્રથમ તબકકામાં આધાર સેવા કેન્દ્ર પ્રોજેકટ હેઠળ યુઆઈડીઆઈ ધ્વારા ભારતના ૫૩ જેટલા શહેરોના ૧૧૪ આધાર સેવા કેન્દ્રો શરૂ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

જે અન્વયે સુરત મહાનગરપાલિકાના **પાલ વિસ્તારમાં જી–૭,૮, ગેલેકસી એન્કલેવ, ગેલેકસી સર્કલ નજીક, ગ્રીનસીટી રોડ, પાલ, અડાજણ** ખાતે રોજબરોજ આશરે ૫૦૦ જેટલા રહીશોને આધારનોંધણીની કામગીરી માટે જરૂરી સુવિધાઓ સહિતનો લાભ મળી શકે તે મુજબનું સેન્ટ્રલી એ.સી. વાળું આધાર સેવા કેન્દ્ર (ASK) શરૂ કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબની સુવિધા ઉપલબ્ધ છે.

(૧) આધાર સેવા કેન્દ્ર સવારે ૯.૩૦ થી સાંજના ૫.૩૦ સુધી રવિવાર સહિતના તમામ દિવસોએ (જાહેર રજાના દિવસો સિવાય) કાર્યરત રહેશે.

(૨) આધાર સેવા કેન્દ્ર પર આધાર એનરોલ્મેન્ટ, ડેમોગ્રાફી અપડેશન, બાયોમેટ્રીક અપડેશન સહિતની આધારને લાગત કામગીરી કરાવી શકાશે.

(૩) ઈ–આધાર ધ્વારા આધાર કાર્ડની કલર પ્રિન્ટ મેળવી શકાશે.

(૪) રહીશો https//appointments.uidai.gov.in/bookappointment.aspx થી ઓનલાઈન એપોઈન્ટમેન્ટ મેળવી શકશે.

(૫) રહીશોના પોર્ટલ સર્વિસ/ હેલ્પ ડેસ્ક ધ્વારા આધાર રીલેટેડ કવેરી/ સ્ટેટસ મેળવી શકશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદીઃ
તા. /૦૨/૨૦૨૦

## –:: પ્રેસનોટ ::–

સુરત શહેરમાં આગ અકસ્માતનાં બનાવમાં કમી આવે તે અર્થે ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા નીચે મુજબનાં વિવિધ કામગીરીઓ કરવામાં આવેલ.

**૧ સુરત ફાયર વિભાગની ટીમ ધ્વારા આગ અકસ્માતમાં કરેલ ફાયર ફાઈટીગ કામગીરીની વિગત**

- તા.૨૮/૦૨/૨૦૨૦ નાં રોજ બપોરે ૦૧–૨૩ મીનીટે કતારગામ નંદુ ડોશીની વાડી પાવર હાઉસની અંદર સબ સ્ટેશનની કુંડીમાં એક વ્યકિત (નામ જાણવા મળેલ નથી. ) ઉ.વ.આ. ૩૦ થી ૩૫ વર્ષ જેને પબ્લીકનાં માણસોએ બહાર સડી સલામત કાઢીને કતારગામ પોલીસ સ્ટેશનનાં કબ્જો સોપી બપોરે૧–૪૭ કલાકે પરત આવેલ.

- તા.૨૮/૦૨/૨૦૨૦ નાં રોજ બપોરે ૦૩–૨૨ મીનીટે ડીડોલી માનસી રેસીડન્સી પાસે, બ્રીજ ચઢતાં એક ડમ્પર નં. જીજે–૫–ડી.જે. –૧૯૪૪ ટાટાની આઈવા વાહનમાં શોર્ટ સર્કીટથી આગ લાગેલ. જેમાં કેબીનનો ભાગ બળેલ જેને ડીડોલી ફાયર સ્ટેશનનાં ક્રુ એ ફાયર ફાઈટીગ કરીને આગ કાબુમાં લીધેલ. ઈજાજાનહાની નથી.

**૨. સુરત ફાયર વિભાગની ટીમ ધ્વારા વિવિધ ઝોનાં શહેર વિકાસ વિભાગનાં અધિકારી સાથે સંકલન કરી નીચે મુજબની ઈમારતો માં ફાયર ફાઈટીંગ હેતુથી સલામત છે કે કેમ ? તેની ચકાસણી / સર્વે કરેલ અને જ્યા ફસાડ હતા જેવી ઈમારતોને નોટીશ આપેલ.**

(ક) **વરાછા ઝોન બી** ખાતે આવેલ ૦૨ ફસાડની ખામી જણાયેલ ઈમારતને નોટીશ આપવામાં આવેલ છે.

(ખ) **સેન્ટ્રલ ઝોન** ખાતે આવેલ ૧૧ કોર્મશીયલ ઈમારતમાં ચેક/સર્વે કરવામાં આવેલ.

<u>ઉપરોક્ત કામગીરી જાહેર સલામતીને ધ્યાને લઈને કરવામાં આવેલ છે.</u>

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૭૬૭........
તા.૨૮/૦૨/૨૦૨૦

# :: પ્રેસનોટ ::

## :: શ્રી મોરારજીભાઈ દેસાઈ જન્મજયંતિ ઉજવણી ::

વિષય :– ભારત દેશના પૂર્વ વડાપ્રધાનશ્રી મોરારજીભાઈ દેસાઈની જન્મજયંતિ નિમિત્તે ડુમસ–ચોપાટી ખાતે શ્રી મોરારજીભાઈ દેસાઈ પ્રતિમાને સુતરાંજલી સહ વંદના કાર્યક્રમ બાબત.

દક્ષિણ ગુજરાતના સપૂત વીર સ્વાતંત્ર્ય સેનાની અને ભારત રત્ન એવા દેશના પૂર્વ વડાપ્રધાનશ્રી મોરારજીભાઈ દેસાઈની જન્મજયંતિ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૨/૨૦૨૦ને શનિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ડુમસ–ચોપાટી, ડુમસ, સુરત ખાતે આવેલ શ્રી મોરારજીભાઈ દેસાઈ પ્રતિમાને સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વલસાડ જિલ્લાના ભદેલી ગામમાં તા.૨૯/૦૨/૧૮૯૬ના રોજ જન્મેલા અને જુના મુંબઈ રાજયના મુખ્યપ્રધાન અને ત્યારબાદ દેશના વડાપ્રધાન બનેલા એવા ગાંધીવાદી વિચાર ધારાના પથદર્શી, નૈતિક મૂલ્યોને વરેલા, તંદુરસ્ત, સિદ્ધાંતવાદી તેમજ પ્રેરણાદાયી એવા મોરારજીભાઈ દેસાઈને માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, શાસકપક્ષ નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, શાસકપક્ષ દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાલા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, પાણી સમિતિ ચેરમેનશ્રી હિંમતભાઈ બેલડીયા, કાયદા સમિતિ અધ્યક્ષા શ્રીમતી હેમલતાબેન રાણા, ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષા શ્રીમતી સુચિત્રાબેન પટેલ, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઈ પટેલ, જાહેર પરિવહન પ્રવૃત્તિ સમિતિ અધ્યક્ષા શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અધ્યક્ષશ્રી હસમુખલાલ પટેલ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીગણ, શાળાના બાળકો તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સુતરાંજલી સહ વંદના કરી હતી.

સમાચારયાદી નં. ૭૬૮, તા.૨૯/૦૨/૨૦૨૦, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

**તા. ૨૯/૦૨/૨૦૨૦**

**<u>પ્રેસ નોટ</u>**

**મ્યુનિ. કમિશનરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત આજ રોજ તા.૨૯/૦૨/૨૦૨૦ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારીડ, ભેદવાડ વિગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલ્લે <u>૨૩</u> મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે કાર્યવાહી દરમ્યાન ૧૨ જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા <u>૦૩.૮૯</u> લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા <u>૩૮.૧૪</u> લાખ જેટલી વસુલાત થયેલ છે.**

**સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં આજ દિન સુધી રૂપિયા <u>૧૯૬.૫૧</u> કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.**

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા**
**સમાચાર યાદી નં......**
**તા.૨૯/૦૨/૨૦૨૦**

बहुजनहिताय बहुजनसुखाय

**:: પ્રેસનોટ ::**

## "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા"

વિષય :– "પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત" અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા" બાબત.

બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટ્સ અભિમુખતા પાંગરે, તેમાં વધારે રસ–રૂચિ કેળવતા થાય તેવા હેતુથી 'પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત' અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર દોડ સ્પર્ધા" તા.૦૧/૦૩/૨૦૨૦ના રોજ સવારે ૭.૦૦ કલાકે આયોજીત દોડ સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓની દોડ સ્પર્ધાનું અંતર ૨ કિ.મી., ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓની દોડનું અંતર ૪ કિ.મી. જયારે ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીનીઓની દોડ સ્પર્ધાનું અંતર ૧ કિ.મી. અને ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીનીઓની દોડનું અંતર ૩ કિ.મી. રાખવામાં આવ્યું હતું. જયારે સાયકલ સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૬ કિ.મી., ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૧૦ કિ.મી. જયારે ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીનીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૪ કિ.મી. અને ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીનીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૮ કિ.મી.નું રાખવામાં આવ્યું હતું.

તા.૧લી માર્ચ,૨૦૨૦ને રવિવારના રોજ સુવર્ણમયી સવારે માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, દંડકશ્રી શ્રીમતી દક્ષાબેન જરીવાળા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, ગાર્ડન સમિતિ ચેરમેન શ્રીમતી સુચિત્રાબેન પટેલ, મ્યુ. સભ્ય શ્રીમતિ રૂપલબેન શાહ, મ્યુ. સભ્ય શ્રીમતિ રમીલાબેન પટેલ, મ્યુ. સભ્ય શ્રીમતિ પુષ્પાબેન પટેલ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી કનૈયાલાલ છત્રપતિ, શ્રી સન્મુખભાઈ જીનવાલા, શ્રી જશવંત પચ્ચીગરના સુપુત્ર શ્રી કલ્પેશભાઈ પચ્ચીગર, શ્રી નવનીતભાઈએ ઝંડી ફરકાવી તમામ ગૃપમાં દોડ– સાયકલ સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો. આઠ ગૃપમાં દોડ અને સાયકલ સ્પર્ધા થયા બાદ નીચે મુજબના સ્પર્ધકો વિજયી નીવડયા હતા.

**દોડ સ્પર્ધા**

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| પ્રથમ | સ્મીત એમ. ગામીત | ક્રિશીલ એચ. પટેલ | હની આર. ચૌધરી | મોહિની સી.ચૌહાણ |
| દ્વિતિય | કાવ્ય એચ. પટેલ | રાહિલ સી. સેલર | સાનવી સેફ્રી | ધ્વની એલ. સેલર |
| તૃતિય | હર્ષલ એમ. રાણા | રૂદ્ર ટી. ખલાસી | કશીશ જે. સફી | વિશ્વા બી. સેલર |
| આશ્વાસન | જોયલ એમ.સેલર | નૈતિક એસ. સેલર | ભવ્યા જે. લાકડાવાલા | દ્વિતી એ. ચૌધરી |

**સાયકલ સ્પર્ધા**

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| પ્રથમ | રાહિલ ડી. સોલંકી | રજત એ. સાંરગ | ભવ્યા જે. લાકડાવાલા | રીના કે. ભડોયા |
| દ્વિતિય | પટેલ દૈવિક પી. | માનવ ડી. પટેલ | નૈત્રી સી.પ્રજાપતિ | ડીયાન્સી એમ. સેલર |
| તૃતિય | આયુષ પી. જાદવ | રૂદ્ર ટી. પટેલ | પંક્તિ પી. સેલર | ધન્વી એલ. સેલર |
| આશ્વાસન | જોયલ એન.સેલર | ક્રિશીવ એચ. પટેલ | કિંજલ હેમલ સેલર | વિશ્વા બી. સેલર |

"શ્રી જશવંત પચ્ચીગર દોડ સ્પર્ધા"ના વિજેતાઓને માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, દંડકશ્રી શ્રીમતી દક્ષાબેન જરીવાળા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, ગાર્ડન સમિતિ ચેરમેન શ્રીમતી સુચિત્રાબેન પટેલ, મ્યુ. સભ્ય શ્રીમતિ રૂપલબેન શાહ, મ્યુ. સભ્ય શ્રીમતિ રમીલાબેન પટેલ, મ્યુ. સભ્ય શ્રીમતિ પુષ્પાબેન પટેલ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી કનૈયાભાઈ છત્રપતિ, શ્રી સન્મુખભાઈ જીનવાલા અને શ્રી જશવંતભાઈ પચ્ચીગરના પુત્રશ્રી કલ્પેશભાઈ પચ્ચીગર, શ્રીનવનીતભાઈ તથા ઉપસ્થિત અધિકારીશ્રીઓના વરદહસ્તે વિજેતા પ્રમાણપત્ર, ટ્રોફી, રોકડ પુરસ્કાર તથા "પૂ.શ્રીમોટાનો ફોટો" , નાઈટ લેમ્પ, "ચિત્રકથા" અને "તરણામાંથી મેરૂ" પુસ્તક એનાયત કરી સન્માનીત કરવામાં આવ્યા હતા. જયારે તમામ વિજેતાઓને પ્રોત્સાહિત કરવા માટે સુરત મહાનગરપાલિકાના રોકડ પુરસ્કાર ઉપરાંત 'પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ તરફથી પ્રથમ વિજેતાને રૂા.૨૧૦૦/– દ્વિતિય વિજેતાને રૂા.૧૫૦૦/– તૃતિય વિજેતાને રૂા.૧૦૦૦/– આશ્વાસન વિજેતાને રૂા.૭૦૦/– મળી તમામ ૮ વિભાગના વિજેતાને કુલ રૂા. ૪૨૪૦૦/– ના રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. દોડ અને સાયકલ સ્પર્ધામાં ૪૬૪ જેટલા સ્પર્ધકોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને સુરત મહાનગરપાલિકા દ્વારા પાર્ટીસીપન્ટ ગીફ્ટ અને પૂ.શ્રીમોટા હરિઃૐ આશ્રમ દ્વારા પુ.શ્રીમોટાના પુસ્તકો અને જેમના નામ સાથે આ સ્પર્ધા જોડાયેલી છે એવા શ્રી જશવંતભાઈ પચ્ચીગરના પુત્રશ્રી કલ્પેશભાઈ પચ્ચીગર તરફથી દુધ અને બિસ્કીટ આપવામાં આવ્યું હતું. આ દોડ સ્પર્ધામાં અધિકારીશ્રીઓ, શિક્ષકો, વાલીઓ અને રમતપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સમાચારયાદી તા.૦૧/૦૩/૨૦૨૦, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.